અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ જુલાઈ ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૧૪
વર્ષ : ૧૫
અંક : ૩૫૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## સાયબર સિક્યોરિટી કંપનીના CEOએ આપી અપડેટ

# માઈક્રોસોફ્ટના સર્વરની સમસ્યા ફિક્સ કરાઈ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

આજે માઈક્રોસોફ્ટમાં મોટી ખામીથી દુનિયાભરમાં હડકંપ મચી ગયો હતો. આ સમસ્યાને કારણે અનેક દેશોમાં બેંક, ફોન, સ્ટોક માર્કેટ જેવી મોટા ભાગની સેવાઓ ખોરવાઈ ગઈ હતી. દુનિયાના અનેક દેશોમાં વિમાન સેવા પણ ખોરવાઈ ગઈ હતી, જેના કારણે મુસાફરોને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે આ માઈક્રોસોફ્ટના સર્વરની સમસ્યા અંગે સિક્યોરિટી કંપનીના ઝઈઁએ આપી અપડેટ આપી છે.

CrowdStrike કંપનીના CEOએ જણાવ્યું કે અમે માઈક્રોસોફ્ટની વિન્ડોઝ હોસ્ટમાં જે અપડેટ આપી હતી અને તેના બાદ જે ખામી સર્જાઈ હતી તેના પર અમે કામ કરી રહ્યાં છીએ. આ કોઈ સાયબર એટેક કે સિક્યોરિટીમાં ખામી નથી. શું સમસ્યા થઈ હતી તે જાણી લેવાયું છે અને તેને ફિક્સ કરવા માટેની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. લેટેસ્ટ અપડેટ્સ માટે ગ્રાહકોને સપોર્ટ પોર્ટલ તથા અમારી વેબસાઈટનો સંપર્ક કરવા ભલામણ કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે CrowdStrike એક સાયબર સિક્યોરિટી કંપની છે, જે Microsoft અને અન્ય કેટલાક પ્લેટફોર્મને સાયબર હુમલાઓથી બચાવવા માટે કામ કરે છે. માઈક્રોસોફ્ટના સર્વિસ હેલ્થ સ્ટેટ્સ અપડેટ મુજબ આ ખામીની શરૂઆત એઝર બેકેંડ વર્કલોડના કોન્ફીગ્રેશનમાં કરેલા એક ફેરફારને કારણે થઈ હતી.



જેના લીધે સ્ટોરેજ અને કમ્પ્યુટર રિસોર્સિસ વચ્ચે અવરોધ પેદા થયો અને આ કારણે કનેક્ટિવિટી ફેલિયરની સમસ્યા સર્જાઈ હતી.

આ ખામી તાજેતરની ક્રાઉડ સ્ક્રાઈક અપડેટ બાદ આવી હતી. આ ખામી સર્જાતા મોટી સંખ્યામાં લોકોને અસર થઈ છે. માઈક્રોસોફ્ટે આ મામલે જાણકારી શેર કરી હતી. આજે (૧૯ જુલાઈ) સવારે તેની ક્લાઉડ સર્વિસિઝ અવરોધિત થવાને કારણે દુનિયાભરમાં અનેક વિસ્તારોમાં ખામી સર્જાઈ હતી. તેના કારણે એરલાઈન્સની ઉડાનો પ્રભાવિત થઈ હતી. ભારત, અમેરિકા સહિત અનેક દેશોમાં વિમાનોની ઉડાનો પર આ આઉટેજની અસર દેખાઈ.

આ ખામીની અસર ભારતમાં પણ વ્યાપકપણે જોવા મળી હતી. દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને ગુરુગ્રામમાં આવેલી વિવિધ કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓની સિસ્ટમ પર અચાનક બ્લ્યૂ સ્ક્રીન દેખાવા લાગી હતી સ્ક્રીન પર એક મેસેજ પણ લખાયેલો હતો. જેમાં લખ્યું હતું કે તમારી સિસ્ટમને રિસ્ટાર્ટ કરવાની જરૂર છે. બ્લ્યૂ સ્ક્રીન એરર, જેને બ્લેક સ્ક્રીન એરર અથવા STOP કોડ એરર પણ કહેવાય છે, ત્યારે આવી શકે છે જ્યારે વિન્ડોઝમાં ગંભીર સમસ્યા સર્જાઈ હોય અને તે અચાનક કામ કરતી બંધ થઈ જાય.

ઘણા લોકોને એવો સવાલ પણ થાય છે કે શું આ માત્ર એક ટેકનિકલ ખામી છે કે પછી કોઈક સાયબર હુમલાને કારણે દુનિયાભરની સિસ્ટમો ઠપ્પ થઈ ગઈ છે. યૂઝર્સ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X) પર પણ આ સવાલ ઉઠાવી રહ્યા છે.

### ભારત અને અમેરિકા સહિત દુનિયાભરની અનેક એરલાઇન્સ વિમાન સેવાઓ ઠપ થઈ



માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે અનેક દેશોની એરલાઈન્સ સેવા ખોરવાઈ ગઈ છે. જેમાં સ્પેનિશ હવાઈ સેવાઓને પણ અસર થઈ હતી. તો ઓસ્ટ્રેલિયાની ન્યૂઝ ચેનલ એબીસીના પ્રસારણને પણ અસર થઈ હતી. ત્યારે સ્પાઇસજેટે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે અમે હાલમાં અમારા સેવા પ્રદાતા સાથે ટેકનિકલ પડકારોનો અનુભવ કરી રહ્યા છીએ, જે બુકિંગ, ચેક-ઇન અને બુકિંગ કાર્ય સહિતની ઓનલાઈન સેવાઓને અસર કરી રહી છે. આ કારણે, અમે એરપોર્ટ પર મેન્યુઅલ ચેક-ઇન અને બોર્ડિંગ પ્રક્રિયાઓ સક્રિય કરાઈ હતી. ભારત અને અમેરિકા સહિત દુનિયાભરની અનેક એરલાઇન્સ વિમાન સેવાઓ ઠપ થઈ ગઈ છે. માઈક્રોસોફ્ટના સર્વરમાં ખામીઓને કારણે ઉડાન સેવાઓ પ્રભાવિત થઈ છે. અનેક કંપનીઓના વિમાન ઉડાન ભરી શકી રહ્યા નથી. સ્પાઈસજેટ અને ઈન્ડિગોએ પણ આ પ્રકારની સમસ્યાનો હવાલો આપ્યો હતો. ફક્ત વિમાન સેવાઓ જ નહીં પણ અનેક દેશોમાં બેક્કિંગ સેવાઓથી લઈને ટિકિટ બુકિંગ અને સ્ટોક એક્સચેન્જ ઉપર પણ અસર થઇ છે.

## ન્યૂઝ બ્રિફ

### મહારાષ્ટ્રમાં ભાજપને ઝટકો, બે દિગ્ગજ નેતા ઘરવાપસી કરવાની તૈયારીમાં

। મુંબઈ, તા.૧૯ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપના બે નેતાઓ ભાજપને મોટો ઝટકો આપવાની તૈયારીમાં લાગી ગયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ (BJP)ના નેતા મધુકર પિચાડે અને વૈભવ પિચાડે પાર્ટી છોડીને શરદ પવારની NCPમાં જોડાવાની હિલચાલ શરૂ કરી દીધી છે. આ બંને નેતાઓએ અગાઉ ત્રણ વખત શરદ પવાર સાથે મુલાકાત કરી હતી, ત્યારે આજે ફરી અકોલામાં મુલાકાત કરવાના હોવાના અહેવાલો સામે આવ્યા છે. મીડિયા અહેવાલોમાં જણાવ્યા મુજબ, મધુકર અને વૈભવ અગાઉ શરદ પવારને ત્રણ વખત મળ્યા હતા અને એનસીપીમાં સામેલ થવાની વિનંતી કરી ચુક્યા છે. આજે અકોલામાં શરદ પવારની એનસીપી પાર્ટીની બેઠક યોજાવાની છે, જેમાં મધુકર અને વૈભવ સામેલ થઈ શકે છે. મધુકર અને પૂર્વ ધારાસભ્ય વૈભવ પિચાડ વર્ષ ૨૦૧૯માં ભાજપમાં જોડાયા હતા, જોકે વિધાનસભા ચૂંટણીમાં વૈભવ એનસીપીના કિરણ લહામટ સામે હારી ગયા હતા.

### હાર્દિક પંડ્યાએ કશું ખોટું નથી કર્યું, મળવી જોઈએ કેપ્ટનશીપ

। નવી દિલ્હી, તા.૧૯ ।

શ્રીલંકાના પ્રવાસ માટે ભારતીય ટીમનું સુકાન હાર્દિક પંડ્યાની જગ્યાએ સૂર્યકુમાર યાદવને સોપાયું છે. ટીમ મેનેજમેન્ટના આ નિર્ણયથી ક્રિકેટ ચાહકો આશ્ચર્યમાં મૂકી ગયા છે. આ દરમિયાન પૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે હાર્દિક પંડ્યાના સમર્થનમાં મોટું નિવેદન આપ્યું છે. રસપ્રદ વાત એ છે કે હાર્દિકની જગ્યાએ યુવા બેટર શુભમન ગિલને ્૨૦ અને વનડેનો નવો વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ટીમ મેનેજમેન્ટનો આ નિર્ણય ઘણાં સવાલો ઉભા કરે છે, કારણ કે ્૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ની જીતમાં હાર્દિક પંડ્યા ટીમનો વાઈસ કેપ્ટન હતો. મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ હાર્દિકને ્૨૦ ટીમની કેપ્ટનશિપના તેના અગાઉના અનુભવને ધ્યાનમાં રાખીને તેને સમર્થન આપવું જોઈએ.

### રોકાણકારોને ૮ લાખ કરોડ રૂપિયાનું નુકસાન

# બજેટ પહેલા શેરબજારમાં બ્લેક ફ્રાઈડે : સેન્સેક્સ ૭૩૯ પોઈન્ટ ઘટ્યો

**આજના સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ શેરો પણ નીચે બંધ થયા છે : BSE સેન્સેક્સ ૭૩૯ પોઈન્ટ ઘટીને ૮૦,૬૦૪ પોઈન્ટ પર બંધ થયો હતો**

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

આગામી સપ્તાહે મંગળવારે ૨૩ જુલાઈના રોજ બજેટ રજૂ કરવામાં આવશે. અને તેના પ્રથમ સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજાર ભારે ઘટાડા સાથે બંધ થયું હતું. એનર્જી, ઓટો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરોમાં ભારે વેચવાલીથી બજારમાં આ ઘટાડો જોવા મળ્યો છે. આજના સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ શેરો પણ નીચે બંધ થયા છે. બજાર બંધ થયા બાદ મ્જીઈ સેન્સેક્સ ૭૩૯ પોઈન્ટ ઘટીને





૮૦,૬૦૪ પોઈન્ટ પર બંધ થયો હતો. તો નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૭૦ પોઈન્ટ ઘટીને ૨૪,૫૩૦ પોઈન્ટ પર બંધ થયો છે. બજાર બંધ સમયે, સેન્સેક્સના ૩૦ શેરોમાંથી, ફક્ત ૪ શેર લીલા નિશાન પર હતા અને ૨૬ લાલ નિશાન પર હતા. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી આજે ૧.૦૯ ટકા અથવા ૨૬૯ પ ોઈન્ટ ઘટીને ૨૪,૫૩૦ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪ શેર લીલા નિશાન પર અને ૪૬ શેર લાલ નિશાન પર હતા. ભારતીય શેરબજારમાં આવેલા તીવ્ર ઘટાડાથી રોકાણકારોને ભારે નુકસાન થયું છે. મ્જીઈ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૬.૨૫ લાખ કરોડ પર બંધ થયું હતું.

### તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનનું એલાન

# CM દિકરા અને રાજ્યમંત્રીને ઉપમુખ્યમંત્રી બનાવી શકે છે

**સ્ટાલિનના દિકરા ઉધયનિધિ પાર્ટીનો ચહેરો બનશે**

। (એજન્સી) ચેન્નાઈ, તા.૧૯ ।

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન પોતાના દિકરા અને રાજ્યના યુવા કલ્યાણ અને રમત મંત્રી ઉધયનિધિને પ્રમોશન આપી ઝડપથી ઉપમુખ્યમંત્રી બનાવી શકે છે. ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી સ્ટાલિન ૨૨ ઓગસ્ટે અમેરિકા જવા રવાના થાય તે પહેલા ઉધયનિધિને નાયબ મુખ્યમંત્રી બનાવશે. જ્યારે સ્ટાલિનના પિતા એમ. કરુણાનિધિ મુખ્યમંત્રી હતા, ત્યારે સ્ટાલિનને ૨૦૦૯માં ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. બાદમાં સ્ટાલિન તમિલનાડુના રાજકારણમાં મોટા નેતા તરીકે ઉભરી આવ્યા હતા. ડીએમકેના સૂત્રોએ જણાવ્યું કે ઉધયનિધિ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીનો ચહેરો બની શકે છે. ડીએમકે



પાર્ટી કેડર અને નેતાઓ ઈચ્છે છે કે ઉધયનિધિને ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવે. તેમનું માનવું છે કે આ પગલાંથી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને ફાયદો થઈ શકે છે. લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ઉધયનિધિને ઉપમુખ્યમંત્રી તરીકે નિમણૂક કરવાની તૈયારીઓ થઈ હતી.

### રાજસ્થાન સરકારનો મોટો નિર્ણય

## જયપુરમાં બંધ થશે મટનની દુકાનો અને કતલખાના

।(એજન્સી) રાજસ્થાન, તા.૧૯।

રાજસ્થાનની ભજનલાલ સરકારે એક મોટો નિર્ણય લીધો છે, જે અંતર્ગત આખા જયપુરમાં ગેરકાયદેસર મીટની દુકાનો હટાવામાં આવશે. ખાલી મીટની દુકાનો જ નહીં પણ ગેરકાયદેસર કતલખાના પર પણ તાળા લાગી જશે. ગ્રેટર નગર નિગમની એક્ઝીક્યૂટિવ કમિટીની મીટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રાજધાનીમાં ફક્ત લાયસન્સવાળી મીટની દુકાનો પર જ મીટ વેચી શકાશે. જયપુર નગર નિગમ તરફથી લેવામાં આવેલો આ નિર્ણય અંતર્ગત ગેરકાયદેસર મીટની દુકાનો હટાવામાં આવશે. સાથે જ મીટની દુકાન પર લખવું પડશે કે તે હલાલ છે કે ઝટકા. જયપુર શહેરમાં ગેરકાયદેસર કતલખાનાને પણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવી રીતે જયપુર નગર નિગમ ગેરકાયદેસર મીટ શોપ અને કતલનાખા પર કાર્યવાહી કરવા જઈ રહી છે. દરેક મીટ શોપને નિયમોનું પાલન કરતા પોતાની દુકાન પર એ લખવાનું રહેશે કે અહીં ઝટકા મીટ મળે છે અથવા હલાલ મીટ. જેથી કોઈની ભાવનાને ઠેસ ન પહોંચે.

### કાવડ યાત્રા વિવાદ

## યોગી સરકારના નિર્ણય ઉપર ભડક્યા NDAના સાથી પક્ષો

। (એજન્સી) લખનૌ, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાવડ યાત્રાના માર્ગમાં આવતી તમામ દુકાનો પર નામ લખવાનો આદેશ આપ્યા બાદ ભારે વિવાદ જોવા મળી રહ્યો છે. પહેલા વિપક્ષો દ્વારા તેમના નિર્ણયનો વિરોધ કરાયો, હવે ખૂદ ભાજપના સાથી પક્ષોએ પણ વિરોધમાં સૂર પુરાવવાનું શરૂ કરી દીધું છે. શ્રાવણ મહિના દરમિયાન કાવડ યાત્રા રૂટ પર હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા, ફળ અને ખાણી-પીણીની બીજી દુકાનો પર માલિકના નામનું બોર્ડ લગાવવાના આદેશનો જનતા દળ યુનાઈટેડ (JDU), રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધને વિરોધ કર્યા બાદ હવે એનડીઓના સાથી પક્ષ લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના વડા અને કેન્દ્રીય મંત્રી



ચિરાગ પાસવાને પણ યોગીના નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે. ચિરાગ પાસવાને કહ્યું કે, 'જ્યારે પણ જાતિ અથવા ધર્મનું વિભાજન થશે, ત્યારે હું ક્યારેય તેનું સમર્થન નહીં કરું.' ઉત્તર પ્રદેશ સરકારે કાવડ યાત્રાના માર્ગ પરની તમામ દુકાનો પર માલિકનું નામ લખવાનો આદેશ સૌથી પહેલા મુજફ્ફનગરના પોલીસ તંત્રને આપ્યો હતો.

### રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં ગમખ્વાર અકસ્માત

## બે અલગ અલગ રાજ્યોમાં અકસ્માતમાં ૧૧ના મોત થયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દેશમાં બે ગમખ્વાર અકસ્માતમાં કુલ ૧૧ લોકોના મોતના અહેવાલ સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. માહિતી અનુસાર બે અલગ અલગ રાજ્યોમાં આ અકસ્માત સર્જાયા હતા. જોકે આ અકસ્માત થવાની રીત એકસમાન જ હતી. પ્રથમ અકસ્માત રાજસ્થાનના બીકાનેરમાં ગુરુવારે મોડી રાતે ભીષણ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક જ પરિવારના ૬ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા. બીકાનેરથી ૧૦૦ કિ.મી. દૂર મહાજન થાના ક્ષેત્રમાં આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર તમામ લોકો મૃત્યુ પામી ગયા હતા. મૃતકો હરિયાણાના ડબવાલીના રહેવાશી હતા. જૈતપુરથી હનુમાનગઢ જતી વેળાએ આ કારચાલકે ટ્રકને પાછળથી ટક્કર મારી દીધી હતી. આ ટક્કર એટલી ભીષણ હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જ્યારે બીજો અકસ્માત ઉત્તરપ્રદેશના લખનઉ આગરા એક્સપ્રેસ વે પર થયો હતો. જ્યાં એક પૂરપાટ ઝડપે દોડતી કારે પણ ટ્રકને પાછળથી ટક્કર મારી હતી.

### દેશમાં અનેક રાજ્યોમાં પૂરની સ્થિતિ

# ઉત્તરથી લઈને દક્ષિણ અને પૂર્વથી લઈને પશ્ચિમના ભાગોમાં વરસાદે સર્જી તારાજી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દેશના અનેક રાજ્યોમાં મેઘતાંડવે સર્જી છે મહામુશ્કેલી. ઉત્તર પ્રદેશથી લઈને દક્ષિણમાં કર્ણાટક અને તેલંગાણા સુધી, તો પૂર્વમાં આસામથી લઈને મધ્ય પ્રદેશ સુધી એમ દરેક રાજ્યોમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. જેના કારણે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા અવિરત વરસાદને કારણે ઉત્તર પ્રદેશ અને આસામની નદીઓમાં ભયાનક પૂર આવ્યું છે. બીજી તરફ ઉત્તરાખંડ અને કર્ણાટક સહિતના રાજ્યોમાં ભૂસ્ખલનને કારણે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા. તેલંગાણામાં ભદ્રાચલમમાં પૂરમાં ફસાયેલા લોકોનું હેલિકોપ્ટરની મદદથી રેસ્ક્યૂ કરવામાં આવ્યું. તો મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ મેઘરાજા મુશળધાર વરસી રહ્યા છે. ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં લગભગ એક અઠવાડિયાથી પૂરની સ્થિતિ યથાવત છે. પૂરની સૌથી વધુ અસર ગોરખપુરમાં છે. અહીં રાપ્તી નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. અત્યાર સુધીમાં ૫૫થી વધુ ગામો પાણીમાં ડૂબી ગયાં છે. NDRF, SDRF અને PACની ટીમો ૧૦૦ બોટ સાથે રાહત કાર્યમાં લાગેલી છે. બીજી તરફ ગંગા નદી પણ બે કાંઠે વહી રહી છે. વારાણસીમાં ગંગાના ૩૦ ઘાટ ડૂબી ચૂક્યા છે. વિખ્યાત દશાશ્વમેઘ ઘાટમાં ગંગા આરતી સ્થળ સુધી પાણી પહોંચી ગયું છે. અસ્સી ઘાટમાં જૂના આરતી સ્થળની જગ્યા બદલી નાખવામાં આવી છે. બીજી તરફ ઉત્તરાખંડમાં પણ વરસાદને કારણે ઠેર ઠેર ભૂસ્ખલનની ઘટનાઓ બની. રુદ્રપ્રયાગના નારકોટામાં બની રહેલો રાજ્યનો પહેલો સિગ્નેચર બ્રિજ ફરીથી ધરાશાયી થયો.આ નિર્માણાધીન બ્રિજનો એક ભાગ સંપૂર્ણપણે ધરાશાયી થયો.

### વધતી હિંસાને કારણે ભારત અને અન્ય દેશોએ પણ પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી

# વિદ્યાર્થીઓના હિંસક વિરોધને કારણે બાંગ્લાદેશમાં પરિસ્થિતિ વધુ વણસી

। (એજન્સી) ઢાકા, તા.૧૯ ।

બાંગ્લાદેશમાં અનામતને લઈને ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો હિંસક બની ગયા છે. હાઈકોર્ટના આદેશ બાદ સિવિલ સર્વિસમાં એક તૃતિયાંશ સીટો સ્વતંત્રતા સેનાનીઓના વંશજો માટે અનામત રાખવામાં આવી હતી, જેના કારણે વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા.

બાંગ્લાદેશી પ્રશાસને કેટલીક જગ્યાએ લાઠીચાર્જ કર્યો અને અન્ય જગ્યાએ ટીયર ગેસનો ઉપયોગ કર્યો, જેમાં અત્યાર સુધીમાં એક પત્રકાર સહિત ૧૯ લોકોના મોત થયા છે અને હજારો લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. ઢાકા, ચિત્તાગોંગ, રંગપુર અને કુમિલા સહિત બાંગ્લાદેશના અનેક



શહેરોમાં લાકડીઓ અને પથ્થરોથી સજ્જ હજારો વિદ્યાર્થીઓ અને પોલીસ દળો વચ્ચે અથડામણ જોવા મળી હતી. અહીં પાંચ મુદ્દા છે જે દર્શાવે છે કે કેવી રીતે આંદોલને હિંસક વળાંક લીધો. વધતી હિંસાને કારણે ભારત અને અન્ય દેશોએ પણ પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે.સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર બાંગ્લાદેશમાં સ્થિતિ ઝડપથી બગડી રહી છે. ગુરુવારે રાજધાની ઢાકામાં પોલીસ સાથેની અથડામણમાં ઓછામાં ઓછા છ લોકોના મોત થયા હતા. આ સાથે મૃત્યુઆંક ૧૯ પર પહોંચી ગયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુરુવારે સાંજે ચિટગોંગના બહાદરહાટ વિસ્તારમાં પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચેની અથડામણમાં બે લોકોના મોત થયા હતા અને ૫૦ લોકો ઘાયલ થયા હતા.બુધવારે ઢાકામાં સંપૂર્ણ હડતાળની અપીલ કરવામાં આવી હતી અને આ દરમિયાન સરકારે વિદ્યાર્થીઓને વાતચીત માટે આમંત્રણ પણ મોકલ્યું હતું પરંતુ વિદ્યાર્થીઓએ વાત કરવાનો ઈનકાર કર્યો હતો. ઢાકાના જાત્રાબારી વિસ્તારમાં વિરોધ પ્રદર્શનને કવર કરતી વખતે ૩૫ વર્ષીય પત્રકાર હસન મેહેદીનું પણ મૃત્યુ થયું હતું.

### ન્યૂઝ બ્રિફ

## અમરેલીમાં લાખોની ડુપ્લીકેટ જંતુનાશક દવાઓ ઝડપાઈ

। (એજન્સી) અમરેલી, તા.૧૯ ।

અમરેલી એસઓજી ની ટીમે અમરેલી સાવરકુંડલા બાયપાસ ચોકડીથી રાધેશ્યામ ચોકડી તરફ જવાના રસ્તા ઉપર આવેલ એક વાડીમાં બિનઅધિકૃત (ડુપ્લીકેટ) જંતુનાશક દવાઓની બનાવવાની ફેક્ટરી તથા દવાનો સંગ્રહ કરતા એક શખ્સને ઝડપી લીધો છે. અમરેલી એસઓજીની ટીમને એક બાતમી મળતા એસઓજીની ટીમે અમરેલી સાવરકુંડલા બાયપાસ ચોકડી નજીક આવેલ રાધેશ્યામ ચોકડી તરફ જવાના માર્ગે પડશાળા ગેસ ગોડાઉનની સામે આવેલ એક વાડીમાં બિન અધિકૃત જંતુનાશક દવાઓની બનાવવાની ફેક્ટરી તથા દવાઓનો સંગ્રહ થયેલ હોવાની બાતમી મળતા અમરેલી ખેતીવાડી અધિકારીને સાથે રાખીને આ જગ્યા ઉપર રેડ કરતા બીન અધિકૃત જંતુનાશક દવાનો જથ્થો તથા બનાવવા માટેની સામગ્રી મળી આવી હતી. અમરેલીમાં રહેતા અલ્કેશ ભાનુભાઈ ચોડવડીયાને ઝડપી લઈને જંતુનાશક દવા બનાવવાની સામગ્રી તેમજ મશીનરી, જંતુનાશક દવાની બોટલો કુલ નંગ ૮૭૬ કુલ રૂપિયા ૧૨૮૮૪૦૦ મુદ્દામાલ ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પોરબંદરના બરડા પંથકના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો

। (એજન્સી) પોરબંદર, તા.૧૯ ।

સવારના સમયે પોરબંદરના બરડા પંથકના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. બપોર સુધી પોરબંદરમાં ઉકળાટ ભર્યા વાતાવરણ બાદ પોરબંદર શહેરમાં તથા કુતિયાણાના વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યો હતો.પોરબંદરમા બપોરના ૧૨થી ૨ વાગ્યા દરમિયાન ધોધમાર ૩ ઈંચ વરસાદ નોંધાયો છે? પોરબંદર જિલ્લામાં એક દિવસના વિરામ બાદ ફરી એક વખત વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. સવારના સમયે પોરબંદરના બરડા પંથકના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. બપોર સુધી પોરબંદરમાં ઉકળાટ ભર્યા વાતાવરણ બાદ પોરબંદર શહેરમાં તથા કુતિયાણાના વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યો હતો.પોરબંદરમા બપોરના ૧૨થી ૨ વાગ્યા દરમિયાન ધોધમાર ૩ ઈંચ વરસાદ નોંધાયો છે?. જિલ્લામાં વરસાદી માહોલથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે તો ખેડૂતોને પોકમાં પાણીની જરૂરિયાત સમયે વરસાદ શરુ થતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીમાં જિલ્લામા તાલુકા વાઈઝ વરસાદની વાત કરીએ તો પોરબંદરમાં ૩ ઈંચ, રાણાવાવ ૧ ઈંચ તથા કુતિયાણામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે.

### હજુ ૫૦ ટકા ઉપરાંતની ઘટ છે

# આણંદ જિ.માં વરસાદની ઘટ, સિઝનનો માત્ર ૧૭ ટકા થયો

। (એજન્સી) આણંદ, તા.૧૯ ।

આણંદ જિલ્લામાં જૂન માસના ઉત્તરાર્ધ બાદ જુલાઈ માસને પણ પખવાડીયું વીતી જવા છતાં મેઘરાજા મન મૂકીને વરસતા નથી અને માત્ર ૧૭ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. હજુ ૫૦ ટકા ઉપરાંતની ઘટ છે, જેના કારણે મોટાભાગના ખેડૂતોમાં વાવણીને લઈ ચિંતા પ્રસરી ગઈ છે. જોકે સિંચાઈના પાણીથી વાવણીની શરૂઆત કરી છે પરંતુ માત્ર સમયાંતરે હળવા ઝાપટાં જ વરસતાં હોવાથી ગત વર્ષ કરતાં ભારે ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા આ વર્ષે વ્યાપક વરસાદની આગાહી અને વહેલા ચોમાસાનો વર્તારો હોવા છતાં વરસાદની સિસ્ટમ ખોરવાવાને કારણે ખાસ કરીને ખેતી પાકના વાવેતરમાં વિલંબ થઈ રહ્યો છે. ચોમાસુ પાક માટે ડાંગરના ધરુવાડીયા તેમજ બાજરી સહિતના પાકો માટે ખેડૂતોએ આગોતરી તૈયારી કરી હતી. પરંતુ વરસાદ ખેંચાવાને કારણે સિંચાઈના પાણીનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. જોકે નહેરના પાણી છોડવામાં આવતા ખેડૂતોને રાહત થઈ હતી. ચોમાસાનો એક માસ જેટલો સમય વીતી જવા છતાં આણંદ જિલ્લાના આઠ તાલુકાઓમાં અત્યાર સુધી માત્ર ૧૭ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. જ્યારે સમગ્ર ચોમાસાની સિઝન દરમિયાન ૩૫ થી ૪૦ ઈંચ જેટલો સરેરાશ વરસાદ પડતો હોય છે. આણંદ જિલ્લામાં જિલ્લા ત્રણ-ચાર વર્ષથી વરસાદની પેટર્ન બદલાઈ છે જેમાં ચેરાપુંજી ગણાતા આંકલાવ અને બોરસદ તાલુકામાં ઓછો વરસાદ થઈ રહ્યો છે. જ્યારે આણંદ તાલુકો વરસાદી આંકડામાં અગ્રેસર રહ્યો છે. ડિઝાસ્ટર કચેરીના જણાવ્યા મુજબ આણંદ તાલુકામાં અત્યાર સુધી ૨૩૧ મીમી, તારાપુર તાલુકામાં ૨૦૦ મીમી, બોરસદ તાલુકામાં ૧૯૬ મીમી, પેટલાદ તાલુકામાં ૧૦૯ મીમી, ખંભાત તાલુકામાં ૧૩૧ મીમી, આંકલાવમાં ૧૭૩ મીમી, ઉમરેઠમાં ૧૨૪ મીમી અને સૌથી ઓછો વરસાદ સોજિત્રા તાલુકામાં ૧૦૩ મીમી નોંધાયો છે. મંગળવારના રોજ મેઘરાજાએ વિરામ રાખ્યો હતો.

### આણંદ શહેર પોલીસ મથકમાં ગુનો દાખલ

# આણંદમાંથી રૂ.૫૦ હજારની કિંમતની પ્રતિબંધિત ઈ-સિગારેટ સાથે એક ઝડપાયો

### પોલસન ડેરી પેરેમાઈન્ટ સોસાયટીમાં રહેતો સેફાન આશીફભાઇ મેમણ નામનો શખ્સ સરકાર દ્વારા પ્રતિબંધિત વિદેશી સિગારેટનો વેપાર કરતો હતો

। (એજન્સી) આણંદ, તા.૧૯ ।

આણંદ એસઓજી પોલીસની ટીમે પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે આણંદ નવા બસ સ્ટેન્ડ પાસેથી રૂ. ૫૦ હજારની કિંમતની પ્રતિબંધિત ઈસિગરેટ નંગ-૨૦ સાથે એક શખ્સને ઝડપી પાડી આણંદ શહેર પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી.જસાણીની સૂચના અને માર્ગદર્શન હેઠળ આણંદ એસઓજી પીઆઈ જી.આર.પટેલ, પીએસઆઈ જે.બી.વાઘેલા સ્ટાફના હરદેવસિંહ, પ્રતિપાલસિંહ, મહાવીરસિંહ સહિતના માણસો આણંદ એસઓજીને લગતી કામગીરી અંગે આણંદ શહેર અને જિલ્લામાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે બાતમી મળી હતી કે, આણંદ શહેરમાં પોલસન ડેરી પેરેમાઈન્ટ સોસાયટીમાં રહેતો સેફાન આશીફભાઈ મેમણ નામનો શખ્સ સરકાર દ્વારા પ્રતિબંધિત વિદેશી સિગારેટનો વેપાર કરે છે અને હાલમાં તે આણંદ નવા બસસ્ટેન્ડ પાસે પ્રતિબંધિત વિદેશી સિગારેટના વેચાણની પ્રવૃત્તિ માટે ઉભો છે. આણંદ એસઓજી પોલીસની ટીમે નવા બસસ્ટેન્ડ પાસે છાપો મારી બાતમી મુજબના વર્ણનવાળા શખ્સને ઝડપી લઈ પુછપરછ કરતા પોતાનું નામ સેફાન આશીફભાઈ મેમણ (હાલ રહે. આણંદ પોલસન ડેરી રોડ, પેરેમાઈન્ટ સોસાયટી ઝકરીયા મસ્જીદ નજીક મુળ રહે. સુફીપાર્ક પ્લેઝન્ટ હોટલની પાછળ આણંદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેના હાથમાં રહેલી પ્લાસ્ટીકની થેલીની તલાસી લેતા થેલીમાંથી પ્રતિબંધિત ઈસિગારેટ નંગ-૨૦ જેની કિંમત રૂ.૫૦ હજારની મળી આવતા આણંદ શહેર પોલીસમથકમાં ગુનો દાખલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ થશે ફેરફાર

# ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે સીઆર પાટીલ યથાવત રહેશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

OBC અનામતના કારણે અટકેલી ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણી આગામી સપ્ટેમ્બરમાં યોજાવાની શકયતા ના પગલે ભાજપે તૈયારીઓ શરૂ કરી છે. ઉપરાંત ગુજરાત ભાજપ આ તમામ ચૂંટણીઓ સી આર પાટીલની આગેવાનીમાં લડશે, તેવા સંકેત પણ આજે ભાજપ કાર્યલય કમલમ ખાતે યોજાયેલી ૨ બેઠકોમાં પાટીલે કરેલા સંબોધનથી મળી રહ્યા છે. આજની બેઠકમાં ચૂંટણીઓ માટેની જવાબદારીઓ સોંપવા માટેની ચર્ચા કરવામાં આવી હતી. આગામી દિવસોમાં ગુજરાત ભાજપના ૨ મહામંત્રીઓ આ જવાબદારી વહેચણી કરશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.



આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ભાજપની તૈયારીઓ તેજ કરી દીધી છે. આ પહેલા અનેક અટકળો હતી કે નવા પ્રમુખ કોણ હશે, પરંતુ તે વાતનો હવે છેદ ઊડી ગયો છે. પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજ્ય થશે ચૂંટણી યોજશે. લોકસભાની સામન્ય ચૂંટણી બાદ પ્રદેશ ભાજપની શુક્રવારે કમલમ ખાતે બેઠક મળી હતી. પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે યોજાયેલી બેઠક પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં પ્રથમ બેઠક ભાજપના પ્રદેશના હોદેદારોની બેઠક મળી હતી. ભાજપના મહામંત્રી રજની પટેલ અને વિનોદ ચાવડા તેમજ સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિતિમાં મળી હતી. બીજી બેઠક આવનારી જિલ્લા પંચાયત, નગર પાલિકા, તાલુકા પંચાયતની ચૂંટણીને લઈ ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની અધ્યક્ષતામાં મળી હતી.

મહત્વનું છે કે આવનાર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પ્રદેશ પ્રમુખ પાટીલના અધ્યક્ષ સ્થાને યોજશે તેઓ હુંકાર આપ્યો હતો. એટલે કે રાજ્યમાં વિધાનસભા લોકસભા બાદ વધુ એક ચૂંટણી પણ ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની અધ્યક્ષતામાં યોજાશે. એટલે કે હાલ ગુજરાત ભાજપ પ્રદેશ સંગઠન માળખામાં કોઈ ફેરફાર નહિ થાય. કમલમ ખાતે આજે યોજાયેલી બેઠકમાં પાટીલના નેતૃત્વમાં થશે તેવો હુંકાર કરીને તમામ કાર્યકર્તા હોદ્દેદારોને જોશ સાથે કામે લાગવા પ્રદેશ પ્રમુખે સૂચન પણ કર્યું હતું. આવનાર સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે મંથન થયું હતું.

### અમેરિકા હવે એક નવા વાયરસથી પરેશાન

# સુરત પાલિકાએ છેલ્લા ૫ વર્ષમાં ૩૧ હજારથી વધુ રખડતા ઢોર ઝડપી પાડ્યા

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરત પાલિકાએ શહેરમાંથી રખડતા ઢોરનો ત્રાસ દુર કરવા માટે પાંચ વર્ષમાં શહેરમાંથી ૩૧,૬૭૪ રખડતા ઢોર ઝડપી પાડ્યા હતા. પાલિકાએ આ કામગીરી દરમિયાન પશુપાલકો પાસેથી ૩.૦૮ કરોડ રૂપિયાનો દંડ પણ વસુલ કર્યો છે. જોકે, આ પાંચ વર્ષ દરમિયાન પશુપાલકો જેટલા પશુઓ પાલિકા પાસેથી પકડી ગયા તેના કરતા વધુ પશુઓ છોડવી નથી ગયા. જેના કારણે છેલ્લા પાંચ વર્ષમાં સુરત પાલિકાએ ૧૬,૬૧૩ પશુનો પાંજરાપોળ કે ગૌશાળામાં મોકલી આપ્યા છે. હાઈકોર્ટના આદેશ બાદ સુરત પાલિકાએ રખડતા ઢોરની સમસ્યા દુર કરવાની કામગીરી વધુ આક્રમક કરી છે તેના કારણે શહેરના રસ્તા પર હાલમાં રખડતા ઢોરનો ત્રાસ થોડો ઓછો થયો છે. જોકે, હજી પણ શહેરના કેટલાક વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ જોવા મળી રહ્યો છે. જોકે, સુરત પાલિકાએ છેલ્લા પાંચ વર્ષમાં રખડતા ઢોર સામે કામગીરી કરી તેના કારણે આ ત્રાસ હવે થોડો ઓછો જોવા મળી રહ્યો છે. સુરત પાલિકાએ છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે ૩૦ જૂન ૨૦૨૪ સુધીમાં શહેરના રસ્તા પર રખડતા ૩૧૬૭૪ પશુઓને ઝડપી પાડ્યા હતા.

### ઓવરબ્રિજ કુલ ૨૧૦ કરોડ રૂપિયાના ખર્ચે બનશે

# અમદાવાદીઓને બે મોટા ઓવરબ્રિજની ભેટ મળશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદીઓને આજે બે મોટા ઓવરબ્રિજની ભેટ મળવાની છે. આ બંને ઓવરબ્રિજ કુલ ૨૧૦ કરોડ રૂપિયાના ખર્ચે બનશે. આ બંને ઓવરબ્રિજ એસજી હાઈવે પર જ બનવાના છે. તેમા એક ઓવરબ્રિજ ગોતાથી નિરમા સુધી બનશે. જ્યારે બીજો બ્રિજ વાયએમસીએથી કર્ણાવતી સુધી બનશે.

બીજા શબ્દોમાં કહીએ તો આ બંને બ્રિજના લીધે ચિલોડાથી સરખેજ સુધીનો ૬૦ કિ.મી.નો છ લેનનો રસ્તો સડસડાટ કાપી શકાશે. આ ઉપરાંત એસજી હાઈવે પર દરેક ઓવરબ્રિજ બનાવવામાં આવ્યા છે ત્યાં અંડર પાસ બનાવવાનું પણ આયોજન છે.તાજેતરમાં જ વૈષ્ણોદેવી પર બનેલા બ્રિજ પર અંડરપાસ બનાવવામાં આવ્યો છે. આ કામગીરી પૂરી થાય તેના પછી આગામી સમયમાં બાકીના ઓવરબ્રિજની નીચે ટ્રાફિકની ફ્રીકવન્સીને ધ્યાનમાં રાખીને અંડર પાસ બનાવવામાં આવશે. હાલમાં ગુજરાતમાં થરાદથી ત્રિમંદિર સુધીનો ૨૧૩ કિ.મી.નો હાઈવે સિક્સ લેનનો બનાવવામાં આવી રહ્યો છે.

આ હાઈવે ત્રિમંદિરે પૂરા થતાં આ છ લેનના રોડને ટચ થશે. તેથી થરાદથી આવનાર ત્રિમંદિરથી આ એસજી હાઈવે પકડીને સીધો વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ-વે પકડી શકશે. આમ આ રીતે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેને કનેક્ટિવિટી મળશે. થરાદથી ત્રિમંદિર સુધીનો છ લેનનો એક્સપ્રેસ વે પૂરો થશે.આ છ લેનનો રોડ હાલમાં સરખેજ સુધી બનાવવામાં આવ્યા પછી તેને સીધો વડોદરા સુધીના એક્સપ્રેસ વેને જોડવાનું આયોજન છે. હાલમાં સરખેજથી એક્સપ્રેસ વે સુધીના રસ્તાને છ લેનનો કરવા વિચારણા ચાલી રહી છે. તેમા સરખેજ ચાર રસ્તા સુધીનો રસ્તો છ લેનનો થઈ ગયો છે.

બાકીનો રસ્તાને જ છ લેનનો કરવામાં આવનાર છે. આમ બીજો શબ્દોમાં કહીએ તો ચિલોડાથી અમદાવાદ વડોદરા એક્સપ્રેસ-વે સુધી સીધી છ લેનની કનેક્ટિવિટી મળશે. તેના માટે અમદાવાદ શહેરમાંથી નીકળવું નહીં પડે. બીજી બાજુએ થરાદ-અમદાવાદ એક્સપ્રેસ વે પરથી ત્રિમંદિર સુધી આવનારને પણ આ છ લેનના રસ્તા દ્વારા વડોદરા-અમદાવાદ એક્સપ્રેસવેની કનેક્ટિવિટી મળશે.

### ૧૭ સાઈટ પર હંગામી આવાસના નિર્માણની કામગીરી શરૂ

# શ્રમિકો માટે સુવિધાયુક્ત હંગામી આવાસ-શ્રમિક બસેરા ઉભા કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને રાજકોટ ખાતે નિર્માણ થનારા શ્રમિક બસેરાનું અમદાવાદમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિપુજન કરાયું હતું. આગામી ત્રણ વર્ષમાં ૩ લાખ જેટલા બાંધકામ શ્રમિકો માટે સુવિધાયુક્ત હંગામી આવાસ-શ્રમિક બસેરા ઉભા કરવા માટે ૧૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. શ્રમિક બસેરાના બૂમિપુજનની સાથે આજે ૧૭ સાઈટ પર હંગામી આવાસના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં જગતપુર ખાતે નિર્માણ થનારા શ્રમિક બસેરાનું ભૂમિપૂજન કર્યું હતું આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, મોટા બિલ્ડીંગ, ઈમારત, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગો માટે જરૂરી ફેક્ટરીઝ એમ દરેક નિર્માણને પોતાના પરસેવાથી સિંચતા બાંધકામ શ્રમિકોને પોતાનું આશ્રય સ્થાન મળે તેની ચિંતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. શ્રમિક ૬૦ વર્ષની વયે પહોંચે અને વયના કારણે કામકાજ કરવા શક્તિમાન ન રહે તો પણ તેના નિર્વાહ માટે દર મહિને ૩૦૦૦ રૂપિયા જેટલી પેન્શન રકમ પી.એમ. શ્રમયોગી માન ધન યોજના અન્વયે મળે છે. રાજ્યમાં ત્રણ લાખથી વધુ શ્રમિકોને આ યોજનાઓનું કવચ મળેલું છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના દરેક શ્રમિકની ચિંતા કરી છે. જ્યારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર શ્રમિકોની સુવિધાઓમાં સતત વધારો કરી રહી છે. આજે ૧૭ સાઈટ પર હંગામી આવાસના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે.

## વિશેષ

### જમીન અને ઉત્પાદનની ગુણવત્તા માટેના કુદરતી 'અમૃત': ગાયના ગોબર અને મૂત્રમાંથી બનતા જીવામૃત અને ઘનજીવામૃતથી બાગબાન ધરતી માતા

# કૃત્રિમ ખાતર અને જંતુનાશક દવાઓના સતત ઉપયોગથી જમીન અને પાકો પર થતી વિપરીત અસરને નાબૂદ કરતી પ્રાકૃતિક ખેતી









। (માહિતી) સુરત ।

'માતા ભૂમિ પુત્રોમ વૃચિચ્યા:' અથર્વવેદના આ શ્લોક અનુસાર ધરતી આપણી માતા છે અને આપણે તેમના પુત્ર છીએ. પરંતુ વધારે ઉત્પાદન મેળવવા કૃત્રિમ ખાતર તથા જંતુનાશક દવાઓના આડેધડ ઉપયોગને પરિણામે જમીન, પર્યાવરણ, પાક અને સમગ્ર સજીવ સુષ્ટિમાં અસંતુલિતતા આવી છે. ખેતીમાં રાસાયણિક અને ઝેરી દવાઓને કારણે જમીન, પાક અને પર્યાવરણને થતા નુકસાનથી વણસી રહેલી સ્થિતિને સુધારવા તેમજ લોકોને નિરોગી અને તંદુરસ્ત સ્વાસ્થ્ય મળી રહે તે હેતુથી રાજ્યસરકાર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા ભારપૂર્વક આહ્વાન કરાઈ રહ્યું છે. ગાય આધારિત ખેત પધ્ધતિમાં ગાયના ગોબર અને મૂત્રને આધારે જીવામૃત, ઘનજીવામૃત અને બીજામૃત ખાતર તરીકે તૈયાર કરવામાં આવે છે. વૈજ્ઞાનિક સંશોધનને આધારે દેશી ગાયના ૧ ગ્રામ છાણમાં ૩૦૦થી ૫૦૦ કરોડ બેક્ટેરિયા જોવા મળે છે. જે જર્સી ગાયના પ્રમાણમાં અનેક ઘણા વધારે હોવાથી તેના ઉપયોગથી પાક અને જમીનની ફળદ્રુપતામાં વધારો કરી શકાય છે.

જીવામૃત બનાવવા માટે, ૧૮૦ લિટર પાણી ૧૦ લિટર દેશી ગાયનું ગૌમુત્ર ૧૦ કિ.ગ્રા. દેશી ગાયનું ગોબર ૧ મૂઠ વડ નીચેની માટી/શેઢા-પાળાની માટી/રાફડાની માટી ૧ કિ.ગ્રા. દેશી ગોળ ૧ કી.ગ્રા. ચણાનો લોટના મિશ્રણને બેરલમાં નાંખી લાંબી લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર-સાંજ એમ કુલ ૨ વખત ૧-૧ મિનિટ માટે ૨ દિવસ અને શિયાળામાં ૪ દિવસ સુધી હલાવી કપડાંથી ગાળીને સંગ્રહ કરવામાં આવે છે. તે ધાન્ય, કઠોળ, બાગાયતી, ઔષધિય કે અન્ય કોઈપણ વર્ગના પાકને આપી શકાય છે. આપવાની રીત: (૧) પિયત (સિચાઈ) ના પાણી સાથે (૨) મુખ્ય પાકની બે હાર વચ્ચે સીધું જમીન ઉપર કે (૩) ઊભા પાક પર છંટકાવ કરીને, પ્રતિ એકર ૨૦૦ લિટર જીવામૃત મહિનામાં ૧ થી ૩ વખત ઉપરોક્ત ત્રણ પૈકી કોઈપણ રીત દ્વારા પાકને આપી શકાય છે. ફાયદા:- જીવામૃત જમીનમાં આપવાથી જીવાણુની સંખ્યા ઝડપથી વધતા, હ્યુમસનું નિર્માણ ઝડપી બને છે જેના થકી બિનઉપયોગી સ્વરૂપમાં રહેલા તત્વો ઉપયોગી સ્વરૂપમાં ફેરવાય જતા મૂળનો વિકાસ ખૂબ જ ઝડપી બને છે. જીવામૃત સુષુપ્ત (સમાધિમાં) રહેલા અળસિયાને જગાડીને કામે લગાવે છે. જીવામૃત માટે ફુવારા પદ્ધતિ સૌથી ઉત્તમ છે. કારણ કે ફુવારાના પાણી દ્વારા જીવામૃતનો છંટાકવ થાય છે અને વધેલું જીવામૃત જમીનમાં ભળી જાય છે. જ્યારે દિવસનું તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ કે તેનાથી વધારે હોય તો જીવામૃત બપોરના બદલે સવારે કે સાંજે આપવું. જીવામૃત ભરેલા બેરલ પર વધુ પડતો સૂર્ય પ્રકાશ કે ઠંડી કે વરસાદનું પાણી ન પડવું જોઈએ. અને તેનો ઉપયોગ ૧૫ દિવસ સુધી કરી શકાય છે.

ઘન જીવામૃત બનાવવાની ૩ રીત છે. પ્રથમ રીત અનુસાર ૨૦૦ કિ.ગ્રા. સખત તાપમાં સુકવેલું, ચાળણીથી ચાળેલું દેશી ગાયનું ગોબર લઈ તેને ફેલાવી તેના ઉપર દસ ટકા જીવામૃતનો છંટકાવ કરીને બરોબર રીતે ભેળવવું. આ મિશ્રણને ૪૮ કલાક માટે છાયામાં રાખી પાતળા સ્તરમાં સુકવવું. આ સ્તરને દિવસમાં બે-ત્રણ વખત ઉપર નીચે કરવું. અને સંપૂર્ણ સુકાય જાય ત્યારે ગાંગડાનો ભૂકો કરી શણના કોથળામાં ભરી, જમીનથી ઉપર, લાકડાના મેડા ઉપર રાખવું. બીજી રીત: અનુસાર ૧૦૦ કિ.ગ્રા. દેશી ગાયનું ગોબર ૨ લિટર જીવામૃત ૧ કિગ્રા દેશી ગોળ ૧ કિગ્રા ચણાનો લોટના મિશ્રણને ૪૮ કલાક છાયામાં રાખી દિવસમાં ૩ થી ૪ વખત ઉપર નીચે ફેરવવું. મિશ્રણ સુકાયા બાદ ગાંગડાનો ભૂકો કરી પ્રથમ રીત અનુસાર સંગ્રહ કરવો. ત્રીજી રીત: અનુસાર ગોબર ગેસમાં છેલ્લે નીકળેલા રગડા(સ્લરી)ને તડકામાં સુકવી ૫૦ કિ.ગ્રા. સ્લરી પાવડરના રૂપમાં ૫૦ કિગ્રા દેશી ગાયનું ગોબર ૧ કિ.ગ્રા. દેશી ગોળ ૧ કિગ્રા ચણાનો લોટ ૨ લિટર જીવામૃતના મિશ્રણને ૪૮ કલાક છાયામાં રાખી દિવસમાં ૩ થી ૪ વખત ઉપર-નીચે ફેરવવું. સંપૂર્ણ સુકાયા બાદ ગાંગડાનો ભૂકો કરવો. જરૂરિયાત મુજબ અગાઉ પ્રમાણે સંગ્રહ કરવો. આપવાની રીત:- જમીનમાં વાવણી પહેલા અંતિમ ખેડાણ પહેલા પ્રતિ એકર ૨૦૦ કિગ્રા ઉડાડવું. રાસાયણિક ખાતરની જેમ વાવણી વખતે પણ આપી શકાય છે. કુલ અવસ્થાએ પ્રતિ એકર ૧૦૦ કિ.ગ્રા. આપવું. ફાયદો:- જમીનની ભેજ સંગ્રહ શક્તિ વધે છે. ધ્યાન રાખવાની બાબતો:- વધુ પડતી ઠંડી હોય તો સંગ્રહ કરતી વખતે કોથળાથી ઢાંકવું. વધુ પડતો સૂર્યપ્રકાશ કે ઠંડી કે વરસાદનું પાણી ન પડવું જોઈએ. ત્રણેય પ્રકારના ધન જીવામૃત એક વર્ષ સુધી ઉપયોગ કરવા લાયક હોય છે.

## લોકો શહેરની વચ્ચે એકત્રિત થઈ ગયા અને તોફાન મચાવ્યું



। (એજન્સી) લંડન, તા.૧૯ ।

બ્રિટન લીડ્સ શહેરમાં ગત રાતે જોરદાર રમખાણો થયા હતા. મોટી સંખ્યામાં લોકો શહેરની વચ્ચોવચ એકત્રિત થઈ ગયા અને ભારે તોફાન મચાવ્યું હતું. લોકોએ આ દરમિયાન બસને આગ ચાંપી દીધી હતી. પોલીસની ગાડીઓને પણ નિશાન બનાવીને તોડફોડ મચાવાઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ ઘટનાના વીડિયોમાં રમખાણકારોની ભીડ વચ્ચે બાળકો પણ દેખાઈ રહ્યા છે. મળતી માહિતી અનુસાર આ રમખાણોનું કારણ સ્થાનિક ચાઈલ્ડ કેર એજન્સી છે જે બાળકોને તેમના માતા-પિતાથી અલગ કરી ચાઈલ્ડ કેર હોમમાં રાખવા માગતી હતી. તેના જ વિરોધમાં લોકો માર્ગો પર ઊતરી આવ્યા હતા. વેસ્ટ યોર્કશાયર પોલીસે કહ્યું કે લીડ્સના હેરહિલ્સ વિસ્તારની લક્ઝર સ્ટ્રીટ નજીક ગુરુવારે સ્થાનિક સમય અનુસાર પાંચ વાગ્યે લોકોની ભીડ એકઠી શરૂ થઈ હતી. હિંસા કરનારાઓ સાથે તેમના બાળકો પણ ત્યાં જ હાજર હતા.

## MEITY વૈશ્વિક આઉટેજ અંગે માઇક્રોસોફ્ટ અને તેના સહયોગિઓ સાથે સંપર્કમાં છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

માઈક્રોસોફ્ટના સર્વરમાં ટેકનિકલ ખામી સર્જાઇ છે. જેના કારણે દુનિયાભરમાં એરલાઈન્સ, ટીવી ટેલિકાસ્ટ, બેંકિંગ અને ઘણી કોર્પોરેટ કંપનીઓની કામગીરી પ્રભાવિત થઈ રહી છે. હવે આ અંગે ભારત સરકાર તરફથી નિવેદન આવ્યું છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ‘MEITY વૈશ્વિક આઉટેજ અંગે માઈક્રોસોફ્ટ અને તેના સહયોગિઓ સાથે સંપર્કમાં છે. આ આઉટેજનું કારણ જાણવામાં આવ્યું છે અને સમસ્યાના ઉકેલ માટે અપડેટ્સ જાહેર કરવામાં આવ્યા છે. CERT ટેક્નિકલ એડવાઈઝરી જાહેર કરી રહ્યું છે. NIC નેટવર્ક અસરગ્રસ્ત નથી. માઈક્રોસોફ્ટ આઉટેજ પર, બીજેપી નેતા રાજીવ ચંદ્રશેખરે કહ્યું, “માઈક્રોસોફ્ટ ૩૬૫ અને માઈક્રોસોફ્ટ સ્યુટ્સ લાખો ભારતીયો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

## દુકાનદારોએ પોતાની દુકાનની આગળ નામ લખવાનું રહેશે

। (એજન્સી) દેહરાદૂન, તા.૧૯ ।

યુપીમાં સરકારે કાવડ યાત્રાના માર્ગ પર આવતા દુકાનદારો માટે આદેશ જાહેર કર્યો છે કે તેમણે પોતાની હોટેલ, દુકાનની બહાર નેમ પ્લેટ લગાવવી પડશે. હવે ઉત્તરાખંડ સરકારે પણ નિર્ણય લીધો છે કે રાજ્યમાં દુકાનદારોએ પોતાની દુકાનની આગળ નામ લખવાનું રહેશે. હરિદ્વારના એસએસપીએ આ વાતની પુષ્ટિ કરી છે. તેમના કહ્યા અનુસાર દુકાનના માલિક અને સ્ટાફના નામ લખવા જરૂરી છે. હાલમાં દુકાનદારોનું વેરિફિકેશન ઝડપથી કરવામાં આવી રહ્યું છે. ૨૨ જુલાઈથી રૂરકીમાં શરૂ થનારી કાવડ યાત્રાને ધ્યાનમાં રાખીને પોલીસે હાઈવે પર બનેલા ઢાબાઓની ચકાસણી પણ શરૂ કરી દીધી છે. અહીંયા પણ ઢાબા ચલાવનાર અને દુકાનદારોએ તેમની નેમ પ્લેટ લગાવવી પડશે. પોલીસે દરેક માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. વાસ્તવમાં નારસનથી હરિદ્વાર કાવડ ટ્રેક સુધી હાઈવે પર ઘણી દુકાનો અને ઢાબા છે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલ સંરક્ષણ રોકાણ સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ચિલીમાં સવારે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા

# ચિલીમાં સવારે ૭.૩ની તિવ્રતાનો ભૂકંપ આવતા ભારે અફરાતફરી મચી હતી

। (એજન્સી) ચિલી, તા.૧૯ ।

શુક્રવારે સવારે ચિલીમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. એએફપીના સમાચાર અનુસાર ભૂકંપની તીવ્રતા ૭.૩ માપવામાં આવી હતી.

યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વેએ આ માહિતી આપી છે. યુએસજીએસએ જણાવ્યું કે ભૂકંપના આ આંચકા ચિલીના એન્ટોફગાસ્તામાં અનુભવાયા હતા. ભૂકંપ સાન પેડ્રો ડી અટાકામા શહેરથી ૪૧ કિલોમીટર દક્ષિણપૂર્વમાં ૧૨૮ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ભૂકંપ બાદ લોકો ભયભીત થઈ ગયા હતા. જો કે હજુ સુધી




સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી.

ભૂકંપના આંચકા બોલિવિયા, પેરાગ્વે અને આર્જેન્ટીના સુધી અનુભવાયા હતા. અગાઉ ૨૯ જૂને પણ અહીં ભૂકંપ આવ્યો હતો. ત્યારે તેની તીવ્રતા ૫.૨ હતી. એએફપીના જણાવ્યા અનુસાર હજુ સુધી સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. જાન્યુઆરીમાં પણ ઉત્તર ચિલીના તારાપાકા વિસ્તારમાં ૧૧૮ કિલોમીટરની ઊંડાઈએ ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તે સમયે કોઈ નુકસાનના સમાચાર નહોતા આવ્યા.

ચિલી વિશ્વના સૌથી વધુ ભૂકંપની સંભાવના ધરાવતા દેશોમાંનો એક છે. તે પ્રશાંત મહાસાગરના રિંગ ઓફ ફાયર પર સ્થિત છે, જ્યાં પૃથ્વીના ઘણા જ્વાળામુખી ફાટવા અને ધરતીકંપો થાય છે. ૨૦૧૦ માં, ૮.૮ તીવ્રતાનો ભૂકંપ અને ત્યારબાદ સુનામીમાં ૫૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા.

## ટી-સીરીઝના કો-ફાઉન્ડર કૃષ્ણ કુમારની પુત્રીનું અવસાન થયું

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

૯૦ના દાયકાના ફિલ્મ અભિનેતા અને ટી-સીરીઝના કો-ફાઉન્ડર કૃષ્ણ કુમારની પુત્રી તિશાનું કેન્સરના કારણે ૨૦ વર્ષની ઉંમરે નિધન થયું છે. તિશા છેલ્લા ઘણા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહી હતી. તેમજ તેને કેન્સરની સારવાર માટે મુંબઈથી જર્મની લઈ જવામાં આવી હતી, પરંતુ તિશાનું જર્મનીની એક હોસ્પિટલમાં નિધન થયું હતું. આટલી નાની ઉંમરમાં તિશાના નિધનથી સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકનો માહોલ છે. ટી-સીરીઝના પ્રવક્તાએ તિશાના નિધનના સમાચાર શેર કરતા તેમણે કહ્યું હતું કે, ‘લાંબા સમયથી કેન્સરની લડાઈ લડી રહેલી તિશા કુમારનું ગઈકાલે નિધન થયું છે.

## દિલ્લીના ૨૨ વર્ષીય ઝડપી બોલર હર્ષિતને મળ્યું સ્થાન



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

શ્રીલંકાના પ્રવાસ માટે BCCI દ્વારા ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આ પ્રવાસમાં સૂર્યકુમાર યાદવને ભારતીય T20 ટીમનો કેપ્ટન અને વનડે માટે રોહિત શર્માને કેપ્ટન બનાવાયો છે. બંને ફોર્મેટમાં કેટલાક નવા ખેલાડીઓને સ્થાન મળ્યું છે. જ્યારે કેટલાક ખેલાડીઓનએ સારું પ્રદર્શન કરવા છતાં ટીમમાં સામેલ કરાયા નથી. હર્ષિત રાણા અને રિયાન પરાગ જેવા યુવા ખેલાડીઓ પહેલી વખત વનડે ટીમમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યા છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા દિગ્ગજ દિગ્ગજો ધરાવતી ભારતીય વનડે ટીમમાં જ્યારે હર્ષિત રાણાને સામેલ કરવાના સમાચાર તેમને મળ્યા ત્યારે તેમને પ્રતિક્રિયા આપી હતી કે, ‘દિલ્હીમાં દિલ તૂટી શકે છે, પરંતુ અમે ક્યારેય હિંમત નથી હારી’. દિલ્લીના ૨૨ વર્ષીય ઝડપી બોલર હર્ષિતે જુનીયર સ્તરથી જ સખ્ત મહેનત કરવાનું શરુ કરી દીધું હતું. પરંતુ અત્યાર સુધી તેને અવગણવમાં આવ્યો હતો. આ વર્ષની આઈપીએલ સિઝનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી ૧૯ વિકેટ ઝડપીને નેશનલ ટીમમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યો હતો. હર્ષિતે કહ્યું હતું કે, હું સખત મહેનત કરવામાં વિશ્વાસ રાખું છું, પરંતુ જ્યારે ટીમમાં મારી અવગણના થતી ત્યારે હું અંદરથી ભાંગી જતો હતો અને મારા રૂમમાં બેસીને રડ્યા કરતો. પરંતુ મારા પિતાએ ક્યારેય આશા ગુમાવી નથી. તેને આગળ કહ્યું, ‘મારી અત્યાર સુધીની મહેનત માટે જો મારે ત્રણ લોકોના નામ લેવા હોય તો તેમાં મારા પિતા, મારા અંગત કોચ અમિત ભંડારી સર અને ગૌતમ ગંભીરનો સમાવેશ થાય છે. કેકેઆરના ડ્રેસિંગ રૂમમાં ગૌતી ભૈયાએ મારી રમત પ્રત્યે મારી માનસિકતા બદલી નાખી હતી. ટોચના સ્તર પર તમને કૌશલ્યની જરૂર હોય છે, પરંતુ દબાણનો સામનો કરવા માટે તમને કૌશલ્ય કરતાં વધુ દિલની જરૂર હોય છે.

### WHO અને UNICEFના રિપોર્ટ પર સરકારની સ્પષ્ટતા

# ૫ કરોડ બાળકો અને એક કરોડ ગર્ભવતી મહિલાઓનું રસીકરણ

### રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૩માં ૧૬ લાખ બાળકો ડીપીટી અને ઓરીની રસી મેળવી શક્યા નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને યુનિસેફે તાજેતરમાં જ તેમના વૈશ્વિક રસીકરણ અહેવાલમાં જણાવ્યું છે કે રોગચાળાના ત્રણ વર્ષ પછી પણ ભારતમાં બાળકોના રસીકરણનું સ્તર હજુ સુધી રોગચાળા પહેલાના સ્તરે પહોંચ્યું નથી. હવે સરકારે આ અંગે સ્પષ્ટતા કરી અને કહ્યું કે ભારતમાં ઝીરો ડોઝવાળા બાળકોની વધુ સંખ્યાને રેખાંકિત કરતા મીડિયા રિપોર્ટમાં દેશના રસીકરણના પ્રયાસોની અધૂરી તસવીર દર્શાવવામાં આવી છે.ભારતમાં ‘ઝીરો ડોઝ ચિલ્ડ્રન’ની મોટી સંખ્યાને પ્રકાશિત કરતા મીડિયા અહેવાલો દેશના રસીકરણના પ્રયાસોનું અધૂરું ચિત્ર દોરે છે. આ મીડિયા અહેવાલો ભારતની વસ્તી અને ઉચ્ચ રસીકરણ કવરેજને ધ્યાનમાં લીધા વિના અન્ય દેશો સાથે ખામીયુક્ત સરખામણીઓ રજૂ કરે છે.કુલ વસ્તીની ટકાવારી તરીકે, દેશના ઝીરો ડોઝ બાળકો કુલ વસ્તીના ૦.૧૧ ટકા છે. ભારતની



વિશાળ વસ્તીને ધ્યાનમાં લેતા, અન્ય દેશોની સરખામણીમાં અહીં રસીકરણ કરાયેલા બાળકોની સંખ્યા સૌથી વધુ છે.નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે દેશનું સંપૂર્ણ રસીકરણ કવરેજ ૯૩.૨૩% છે. ભારતનો રસીકરણ કાર્યક્રમ વાર્ષિક ૧.૨ કરોડ રસીકરણ સત્રો દ્વારા ૨.૬ કરોડ બાળકો અને ૨.૯ કરોડ સગર્ભા સ્ત્રીઓના વિશાળ જૂથને લક્ષ્યાંકિત કરતી વૈશ્વિક સ્તરે સૌથી મોટી જાહેર આરોગ્ય પહેલ છે.તે જ સમયે, મિશન ઈન્દ્રધનુષ હેઠળ, ૨૦૨૩ સુધીમાં ૫.૪૬ કરોડ બાળકો અને ૧.૩૨ કરોડ ગર્ભવતી મહિલાઓને રસી આપવામાં આવી છે.

## વિવાદાસ્પદ ટ્રેઈની IAS પૂજાની નોકરી પર ખતરો તોળાયો

। નવી દિલ્હી, તા.૧૯ ।

વિવાદાસ્પદ ટ્રેઈની આઈએએસ અધિકરી પૂજા ખેડકરની માતાની ‘બંદૂક’ વાળી કરતુતો બાદ પૂજા પર એક પછી એક મુસીબતો આવી છે. હવે તેની સામે જાહેર સેવા આયોગે FIR નોંધાવી છે, તો બીજીતરફ સંસ્થાએ પણ તેને નોટીસ પાઠવી ગડબડનો જવાબ માંગ્યો છે. સંસ્થાએ તેને કહ્યું છે કે, તમારી ઉમેદવારી રદ કેમ ન કરવામાં આવે. આ ઉપરાંત પૂજાને આગામી પરીક્ષાઓમાંથી પણ બાકાત કરવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે, પૂજા ખેડકર પર આરોપ છે કે તેણે ઓબીસી હેઠળ અનામત મેળવવા માટે છેતરપિંડી કરી. સેવામાં તહેનાત થતા જ ખોટી માગણીઓ શરૂ કરી. તેની આવી હરકતો ધ્યાને લેવાયા બાદ ફાઈલ ખુલી છે, જેમાં તેણે ઘણા કારસ્તાન કર્યા હોવાનું સામે આવ્યું છે. યુપીએસસીના સત્તાવાર નિવેદન મુજબ, ‘પૂજા વિરુદ્ધ વિસ્તૃત તપાસ કરાઈ છે, જેમાં જાણ થઈ છે કે, તેણે સિવિલ સેવા પરીક્ષા-૨૦૨૨માં ઉલ્લંઘન કરીને પરીક્ષા આપી છે. તેણે પોતાનું નામ, પિતાનું નામ, માતાનું નામ, ફોટો અને સાઈટ બદલી નાખ્યા છે. આ ઉપરાંત મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી અને સરનામું પણ બદલી નાખ્યું છે. આ જ કારણે તેને મર્યાદા કરતા વધુ વખત પરીક્ષામાં બેસવાની તક મળી છે.’ યુપીએસસીએ કહ્યું કે, અમે પૂજા સામે તપાસ કર્યા બાદ તેની વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી છે તેમજ તેને નોટિસ પાઠવીને કહ્યું છે કે, વર્ષ ૨૦૨૨ની પરીક્ષા યોજાયા બાદ તમારી પસંદગી રદ કેમ રદ કરવામાં ન આવે.

### તસવીરો વાયરલ થયા બાદ IASએ આપી સ્પષ્ટતા

# UPSCએ શારીરિક રીતે વિકલાંગ ક્વોટા કાઢ્યો, પછી 30 કિમી સાઇકલ ચલાવી...

### તેલંગાણાના IAS અધિકારી પ્રફુલ દેસાઈ પર UPSC પરીક્ષા પાસ કરવા માટે તેમનું અપંગતા પ્રમાણપત્ર બનાવટી બનાવવાનો આરોપ છે

। (એજન્સી) તેલંગાણા, તા.૧૯ ।

તેલંગાણાના આઈએએસ અધિકારી પ્રફુલ દેસાઈ પર યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની સિવિલ સર્વિસ પરીક્ષામાં અનામત મેળવવા માટે વિકલાંગતા પ્રમાણપત્ર બનાવવાનો આરોપ છે. પ્રફુલ દેસાઈ પર આ આરોપ એવા સમયે લગાવવામાં આવ્યો છે જ્યારે મહારાષ્ટ્રમાં પ્રોબેશનરી IAS ઓફિસર પૂજા ખેડકર સાથે જોડાયેલા વિવાદો સતત ચર્ચાઈ રહ્યા છે.કરીમનગરના એડિશનલ કલેક્ટર તરીકે કામ કરી રહેલા દેસાઈ સામેના આ આરોપો ત્યારે સામે આવ્યા જ્યારે ઘોડેસવારી સહિતની ઘણી સાહસિક રમતો કરતી વખતે તેમની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી. દેસાઈ પર UPSC પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે ઓર્થોપેડિકલી વિકલાંગ ક્વોટાનો દુરુપયોગ કરવાનો આરોપ છે. IAS અધિકારીએ ૨૦૧૯માં લેવાયેલી UPSC પરીક્ષામાં ૫૩૨મો રેન્ક



મેળવ્યો હતો. જોકે, દેસાઈએ આવા આરોપોને સદંતર નકારી કાઢ્યા હતા. તેણે કહ્યું કે તે એક પગમાં વિકલાંગ છે પરંતુ તેનો અર્થ એ નથી કે તે શારીરિક પ્રવૃત્તિઓમાં બિલકુલ ભાગ લઈ શકતો નથી. તેણે એ પણ સ્પષ્ટ કર્યું કે વાયરલ થયેલી પ્રવૃત્તિઓની ઘણી તસવીરો તેના તાલીમ કાર્યક્રમનો ભાગ છે.ઈન્ડિયા ટુડેએ બેલાગવી જિલ્લા હોસ્પિટલમાંથી દેસાઈનો મેડિકલ રિપોર્ટ મેળવ્યો હતો. આમાં ડોક્ટરે સર્ટિફિકેટ આપ્યું છે કે પોલિયોના કારણે તેને ચાલવામાં તકલીફ પડી રહી છે. ડૉક્ટરે એમ પણ કહ્યું છે કે તેના ડાબા પગમાં ૪૫ ટકા વિકલાંગતા છે.

### એરલાઈન્સ, બેકિંગ અને સ્ટોક માર્કેટની સેવા ખોરવાઈ

# દુનિયાભરમાં માઈક્રોસોફ્ટમાં ટેક્નિકલ ખામી સર્જાવા પામી

### બપોરે ૧૨ વાગ્યે અનેક કર્મચારીઓએ કરી હતી ફરિયાદ

### ખામીની અસર ભારતમાં પણ વ્યાપકપણે પણ જોવા મળી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

માઈક્રોસોફ્ટમાં ટેક્નિકલ ખામી સર્જાતાં મધ્ય અમેરિકા, ભારત અને ઓસ્ટ્રેલિયામાં ઘણી કંપનીઓના કોમ્પ્યુટર અને લેપટોપ આપોઆપ બંધ થઈ ગયા હતા. બપોરે ૧૨ વાગ્યે અનેક કર્મચારીઓએ ફરિયાદ કરી હતી કે, તેમના લેપટોપ અને કોમ્પ્યુટર આપમેળે બંધ થઈ ગયા છે. બેન્કોથી માંડી સ્ટોક એક્સચેન્જ, એરલાઈન્સના કામકાજ પર અસર થઈ છે. મુસાફરો ચેક-ઈન કે ચેક આઉટ કરવા અસમર્થ બન્યા છે. અહેવાલો અનુસાર, ભારત અને અમેરિકામાં ૧૪૭ એરલાઈન્સ રદ કરવામાં આવી છે. આ ખામીની અસર ભારતમાં પણ વ્યાપકપણે જોવા મળી હતી. દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને ગુરુગ્રામમાં આવેલી વિવિધ કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓની સિસ્ટમ પર અચાનક બ્લ્યૂ સ્ક્રીન દેખાવા લાગી હતી સ્ક્રીન પર એક મેસેજ પણ લખાયેલો હતો. જેમાં લખ્યું હતું કે તમારી સિસ્ટમને રિસ્ટાર્ટ કરવાની જરૂર છે. બ્લ્યૂ સ્ક્રીન એરર, જેને બ્લેક સ્ક્રીન એરર અથવા STOP કોડ એરર પણ કહેવાય છે, ત્યારે આવી શકે છે જ્યારે વિન્ડોઝમાં ગંભીર સમસ્યા સર્જાઈ હોય અને તે અચાનક કામ કરતી બંધ




થઈ જાય. વિશ્વની ટોચની સાયબર સિક્યોરિટી પ્લેટફોર્મ ક્રાઉડસ્ટ્રાઈકમાં ટેક્નિકલ ખામી સર્જાતાં માઈક્રોસોફ્ટની સેવાઓ અટકી પડી છે. અમેરિકાની ઈમરજન્સી ૯૧૧ સેવાઓમાં ખામી સર્જાઈ છે. તેમજ આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ, બેંક્રો, મીડિયા આઉટલેટ્સ, પબ્લિક ટ્રાન્સપોર્ટેશન થંભી ગયા છે. અમેરિકા ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને જર્મનીમાં પણ બેકિંગ, ટેલીકોમ, મીડિયા આઉટલેટ અને એરલાઈન્સની સેવાઓ પ્રભાવિત થઈ છે. ઓસ્ટ્રેલિયાના નેશનલ સાઈબર સિક્યોરિટી કોઓર્ડિનેટરે કહ્યું કે દેશમાં આજે બપોરે મોટાપાયે અનેક કંપનીઓની સેવાઓ પ્રભાવિત થઈ હતી.

### પોલીસ અધિકારીના વીડિયોને લઈને હોબાળો થયો હતો

# ભારતીય વિદ્યાર્થીના મોતની મજાક ઉડાવી, યુએસએ પોલીસ અધિકારીને કાઢી મૂક્યા

### જહાન્વી કંડુલાનું આ વર્ષે જાન્યુઆરીમાં અમેરિકાના સિએટલમાં પોલીસના એક ઝડપી વાહનની ટક્કરના કારણે મૃત્યુ થયું હતું

। (એજન્સી) અમેરિકા, તા.૧૯ ।

ભારતીય વિદ્યાર્થીના મોતની મજાક ઉડાવનાર અમેરિકન પોલીસ અધિકારીને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો છે. ૨૩ વર્ષીય ભારતીય વિદ્યાર્થિની જહાન્વી કંડુલાના મૃત્યુ સાથે સંબંધિત બોડી કેમેરા ફૂટેજ સામે આવ્યા હતા, જેમાં સિએટલ પોલીસ ઓફિસર ડેનિયલ ઓર્ડરર વિદ્યાર્થીના મૃત્યુ પર હસતા જોવા મળ્યા હતા. ફૂટેજમાં પોલીસ અધિકારીની હરકતો જોઈને લોકોએ વિરોધ કર્યો હતો, ત્યારબાદ આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા હતા.જાન્યુઆરી ૨૦૨૩ માં, કંડુલાને એક ઝડપી પોલીસ વાહને ટક્કર મારી હતી, પરિણામે તેનું મૃત્યુ થયું હતું. આ વાહન પોલીસ અધિકારી કેવિન દવે ચલાવી રહ્યા હતા. દવે કથિત રીતે ડ્રગના ઓવરડોઝ કોલ પર જઈ રહ્યો હતો અને તે ખૂબ જ ઝડપે ગાડી ચલાવી રહ્યો હતો. આ ઘટના બાદ જ્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા તો એક પોલીસ અધિકારી ડેનિયલએ તેમની મજાક ઉડાવતા અમાનવીય ટિપ્પણી કરી.સિએટલ પોલીસ વિભાગ દ્વારા જાહેર કરવામાં




આવેલા વિડિયોમાં, પોલીસ અધિકારી ડેનિયલ્સ ટિપ્પણી કરતા જોવા મળ્યા હતા, “ઉહ, મને લાગે છે કે તેણી હૂડ પર ગઈ, વિન્ડશિલ્ડ સાથે અથડાઈ અને પછી જ્યારે તેણીએ બ્રેક મારી, ત્યારે તે કારમાંથી ફેંકાઈ ગઈ... પરંતુ તેણી મૃત.” વીડિયો ફૂટેજમાં પોલીસ અધિકારી આ ટિપ્પણી બાદ ચાર સેકન્ડ સુધી હસતા જોવા મળ્યા હતા. આ વીડિયોને લઈને સોશિયલ મીડિયા પર ભારે હોબાળો થયો હતો.આ મામલાની તપાસ કર્યા બાદ ભારતે અમેરિકાને આ મામલે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી હતી.

## તંત્રી લેખ...

# કર્ણાટક સરકાર પોતાના ખાનગી ક્ષેત્રે અનામત લાગુ કરવાના નિર્ણય પર ફરીથી વિચાર કરશે

કર્ણાટક સરકાર ખાનગી ક્ષેત્રમાં અનામત લાગુ કરવાના પોતાના પગલાને રોકવા જે રીતે વિવશ થઈ તેનાથી સ્પષ્ટ છે કે ક્ષેત્રીયતાની રાજનીતિને બળ આપનારી તેની પહેલનો વ્યાપક વિરોધ રંગ લાવ્યો. આ વિરોધ ખાનગી ક્ષેત્રની કંપનીઓની સાથે જાણીતા કારોબારીઓએ પણ કર્યો. તેમાં રાજ્ય સ્થિત આઈટી કંપનીઓ પણ છે, જેમાં બીજા રાજ્યોના અનેક લોકો કામ કરે છે. હાલમાં કર્ણાટક સરકારે એટલું જ કહ્યું છેકે તે ખાનગી ક્ષેત્રે અનામત લાગુ કરવાના પોતાના નિર્ણય પર ફરીથી વિચાર કરશે, એટલે એમ ન કહી શકાય કે તેણે આ વિચાર પડતો મૂક્યો છે. ક્ષેત્રીયતાની રાજનીતિને વિસ્તાર આપતાં કર્ણાટક સરકારે ખાનગી ક્ષેત્રમાં અનામતની વ્યવસ્થા માટે જે ખરડાને સ્વીકૃતિ આપી હતી તે અંતર્ગત ખાનગી કંપનીઓમાં મેનેજમેન્ટ પદોમાં ૫૦ ટકા અને બિન-મેનેજમેન્ટ પદોમાં ૭૦ ટકા પદો રાજ્યના લોકો માટે આરિક્ષત રાખવાનાં હતાં. પ્રસ્તાવિત ખરડાની જોગવાઈઓમાં એ પણ હતું કે અનામતના આ નિયમનું ઉલ્લંઘન કરનારાઓ પર ૨૫ હજાર રૂપિયા દંડ લાગશે અને જો કોઈ કંપની યોગ્ય અભ્યર્થી ન મળવાની સ્થિતિમાં બીજા રાજ્યોના કોઈ વ્યક્તિને નોકરી આપશે તો એવું કરતાં પહેલાં તેણે રાજ્ય સરકારની અનુમતિ લેવી પડશે. એ નક્કી છે કે આવી જોગવાઈ ખાનગી ક્ષેત્રને હતોત્સાહિત કરવા અને સાથે જ તેના કામકાજમાં નોકરશાહીની બિનજરૂરી દખલ વધારવાનું જ કામ કરશે. ક્ષેત્રીયતાના આધાર પર ખાનગી ક્ષેત્રમાં અનામતની આ તૈયારી પ્રતિભાઓની અવગણના જ છે અને બંધારણે આપેલ સમાનતાના અધિકારોની ઉપેક્ષા પણ ગણાય. વિચિત્ર એ છે કે કોંગ્રેસ આમ તો બંધારણ બચાવવાનો દાવો કરી રહી છે, ત્યારે જ તેની કર્ણાટક સરકારે તેના મૂળ અધિકારોની અવગણના કરતું પગલું ઉઠાવ્યું છે. કર્ણાટકનો આ નિર્ણય વોટબેંકની સસ્તી રાજનીતિથી પ્રેરિત છે અને તેનો ઉદ્દેશ્ય ક્ષેત્રીયતાને ઉત્તેજન આપવાનો પણ છે. કન્નડ ભાષાને ઉત્તેજન આપવાના નામે આ કામ પહેલાંથી જ થઈ રહ્યું છે. કર્ણાટક સરકારની ખાનગી ક્ષેત્રમાં અનામત પ્રદાન કરવાની પહેલે એ જ દર્શાવ્યું કે રાજ્ય સરકારે કઈ રીતે તથ્યની અવગણના કરી કે બીજા કેટલાય રાજ્યોમાં આવી પહેલ થઈ તેને ન્યાયપાલિકાની સ્વીકૃતિ નથી મળી શકી. એ સંભવ નથી કે કર્ણાટક સરકાર તેનાથી વાકેફ ન હોય કે ભૂતકાળમાં ખાનગી ક્ષેત્રમાં અનામત આપવાનાં જે પગલાં અન્ય રાજ્ય સરકારોએ ઉઠાવ્યાં, તેમને અદાલતોએ ગેરબંધારણીય ગણાવી દીધાં હતાં.

# ખેડૂતો તેમની આજીવિકા માટે ચોમાસાના વરસાદ પર ખૂબ જ નિર્ભર રહે છે

ભારતમાં, ચોમાસાની ઋતુ ખેડૂતો માટે મહત્ત્વનો સમયગાળો છે, ખાસ કરીને એ ખેડૂતો માટે જે નાનાં કે સીમાંત ખેતરો ધરાવે છે. ઘણાં રાજ્યોમાં અપૂરતી સિંચાઈની સુવિધાને કારણે, આ ખેડૂતો તેમની આજીવિકા માટે ચોમાસાના વરસાદ પર ખૂબ નિર્ભર છે. વરસાદ સારો પડે તો પણ તેમની ચિંતા ઓછી થતી હોતી નથી, કારણ કે વરસાદી પાણીના સંગ્રહની સારી સુવિધા ભારતના ખેડૂતો પાસે નથી. ઈસવી સન ૧૯૫૦ના દાયકાની ફિલ્મ 'દો બીઘા જમીન'ના અમુક પ્રતીકાત્મક દ્રશ્યોમાંથી એક સીનમાં એક સીમાંત ખેડૂતના પરિવારને આકાશ તરફ બેચેનીથી જોતા દર્શાવવામાં આવ્યા છે. તેઓ શું કામ આકાશ તરફ જોઈને લાચારી ભરી દ્રષ્ટિથી પ્રાર્થના કરે છે? જો વરસાદ નહી આવે તો તે ખેડૂતોની નાની જમીનને મકાનમાલિક કબ્જે કરી લેશે. તે એક કરૂણ દ્રશ્ય હતું. તે ફિલ્મ હતી. આપણે વાસ્તવિકતાની વાત કરીએ છીએ. હકીકત એ છે કે આજે સાત દાયકા પછી પણ વાસ્તવિક પરિસ્થિતિ મોટા ભાગે યથાવત છે. ભારતના લાખો નાના ખેડૂતો, ખાસ કરીને જેઓ ખરીફ (ઉનાળુ) પાક પર આધાર રાખે છે તેમના અસ્તિત્ત્વ માટે સમયસર વરસાદ હજુ પણ નિર્ણાયક છે. પરિણામે, દર વર્ષે ચોમાસાની કાગડોળે રાહ જોવાય છે. એક પણ વર્ષ વરસાદ ઓછો આવ્યો તો ખેડૂતોને બહુ નુકસાન થઈ શકે. દેશના મહત્વના ભાગોમાં ચોમાસાની શરૂઆત મોડી થઈ હતી. સામાન્ય રીતે, ચોમાસુ દક્ષિણના રાજ્યોમાં ૧ જૂનની આસપાસ શરૂ થાય છે અને જુલાઈના પ્રથમ સપ્તાહ સુધીમાં સમગ્ર દેશમાં ફેલાય છે, જે ખેડૂતોને ચોખા, બાજરી, કપાસ, મકાઈ, કઠોળ, સોયાબીન અને શેરડી જેવા ખરીફ પાકની વાવણી કરવાની તક આપે છે. આ વર્ષે, ચોમાસું કેરળમાં બે દિવસ વહેલું પહોંચ્યું હોવા છતાં, તેની ઉત્તર દિશા તરફની પ્રગતિ નોંધપાત્ર રીતે ધીમી પડી, જેના કારણે જૂનના મધ્ય સુધી અપૂરતો કહી શકાય એવો વરસાદ થયો. ખરીફ પાકની વાવણીને અસર થઈ. શાકભાજી મોંઘાં થયાં. IMDના તાજેતરના મૂલ્યાંકન મુજબ, દેશમાં ૧૮ જૂન સુધી ૬૪.૫ દ્બદ્બ વરસાદ નોંધાયો હતો, જે ૮૦.૬ mm ની લાંબા ગાળાની સરેરાશ કરતાં ૨૦ ટકા ઓછો હતો. જુલાઈનો વરસાદ પણ ઓછો છે. દક્ષિણનાં રાજ્યોને બાદ કરતાં અન્ય તમામ પ્રદેશોમાં મધ્યમથી ઉચ્ચ સ્તરના વરસાદની ઉણપ જોવા મળી રહી છે. ઉત્તર-પશ્ચિમ ક્ષેત્ર સૌથી વધુ અસરગ્રસ્ત છે, જેમાં ૭૦ ટકા વરસાદ ઓછો છે, જ્યારે મધ્ય ભારતમાં વરસાદની ૩૧ ટકાની અછતનો સામનો કરવાનો વખત આવ્યો છે. આ વિસ્તારોમાં માત્ર અત્યંત ઓછો વરસાદ જ થયો નથી, પરંતુ ભારે ગરમીનો પણ અનુભવ થયો છે, જે ખેડૂતો માટે વરસાદના આગમન પછી વાવેતર શરૂ કરવા માટેના પડકારોમાં વધારો કરે છે. શુષ્કતા અને ગરમીનું આ મિશ્રણ કૃષિ ક્ષેત્ર માટે ગંભીર ચિંતાનો વિષય છે. આ વખતે સમગ્ર ભારતમાં રેકોર્ડ બ્રેક ગરમી અને બફારો રહ્યા છે. પાંચ દાયકા પહેલા શરૂ થયેલી હરિયાળી ક્રાંતિ હોવા છતાં, ભારતના ખેડૂતોનો એક મોટો વર્ગ ઘણા રાજ્યોમાં અપૂરતી સિંચાઈ સુવિધાઓને કારણે ચોમાસા પર ભારે નિર્ભર રહે છે. ૨૦૧૯-૨૦માં ચોખાનું ૬૫% ઉત્પાદન સિંચાઈ હેઠળ હતું. જોકે, સિંચાઈની ઉપલબ્ધતામાં રાજ્યોમાં નોંધપ ાત્ર તફાવતને કારણે આ આંકડો ગેરમાર્ગે દોરનારો છે. ઉદાહરણ તરીકે, સૌથી વધુ ચોખા ઉત્પાદક રાજ્ય પશ્ચિમ બંગાળમાં માત્ર ૫૧ ટકા ચોખાની ખેતી સિંચાઈ હેઠળ છે, જ્યારે છત્તીસગઢ અને ઓડિશામાં સિંચાઈ હેઠળની ટકાવારી અનુક્રમે ૩૭ અને ૩૨ ટકા છે. દ્બદ્બછ સરકાર દ્વારા બાજરીના વપરાશને લોકપ્રિય બનાવવાના પ્રયાસો પણ પડકારોનો સામનો કરી રહ્યા છે, કારણ કે જુવાર અને બાજરી જેવી મોટી બાજરીની જાતોમાં વ્યાપક સિંચાઈનો અભાવ છે. ૨૦૧૯-૨૦માં, માત્ર ૧૧ ટકા જુવાર અને ૧૫ ટકા બાજરીનું ઉત્પાદન સિંચાઈ હેઠળ હતું. સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ એ કૃષિમાં દાયકાઓની ઉપેક્ષા અને અપૂરતા રોકાણનું પરિણામ છે.

**સંસારના કાર્યો કરતાં કરતાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ મહાભારતમાં વ્યાસમુનિએ વ્યાધ ગીતામાં આપ્યું છે**

# લોકો જેને અધમમાં અધમ કામ ગણે છે, તેવું કામ કરતાં કરતાં પણ જો ચિત્ત ભગવાનમાં લાગેલું હોય તો ભગવદ્ પ્રાપ્તિ થઈ શકે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત છે પૃથ્વી લોક પર ઉમદા મનુષ્ય અવતાર મળ્યો છે તો કુદરતનો ઉપકાર માનવા તેના નિતિ નિયમો અનુસાર આપણે આપણી દરેક ક્રિયા કર્મ કરીએ, બસ આ વાત સમજાઈ જાય તો ક્યારેય માનવી દુઃખી થશે નહીં અને કોઈ જીવને દુઃખી કરશે નહી.**

અષાઢી એકાદશી દેવશયની એકાદશી તરીકે ઉજવવામાં આવે છે. ચાતુર્માસ આ ચાર મહીના સાધુ સંતો ભગવંતો તપસ્વીઓ જ્યાં હોય ત્યાં સ્થિર થઈને આરાધના ઉપાસના કરી અન્ય લોકો જીવોનું કલ્યાણ થાય તેવા પ્રયત્નો કરે છે. દરેક ધર્મમાં ચાતુર્માસનો મહિમા એનકેન પ્રકારે દર્શાવ્યો છે. આ ધર્મના પ્રચાર પ્રસારકો લોકો વચ્ચે રહી લોકોને ધર્મ સંસાર સાગરમાં સારું છે તે ગ્રહણ કરી સુખી થાઓ અને અન્ય જીવો પ્રત્યે સહાનુભૂતિ સંવેદના પ્રગટ કરો. જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત છે પૃથ્વી લોક પર ઉમદા મનુષ્ય અવતાર મળ્યો છે તો કુદરતનો ઉપકાર માનવા તેના નિતિ નિયમો અનુસાર આપણે આપણી દરેક ક્રિયા કર્મ કરીએ. બસ આ વાત સમજાઈ જાય તો ક્યારેય માનવી દુઃખી થશે નહીં અને કોઈ જીવને દુઃખી કરશે નહી. આવતી કાલે અષાઢ સુદ પૂનમ રવિવાર છે આ પૂનમ વ્યાસ ગુરૂ પૂર્ણિમા પર્વ તરીકે આખા દેશમાં ઉજવાશે તે વિશે આવતીકાલના ચિંતન મનન લેખમાં જોઈશું પણ આજે એક અન્ય વાત જોઈએ. સંસારના કાર્યો કરતાં કરતાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ મહાભારત માં વ્યાસમુનિએ વ્યાધ ગીતામાં આપ્યું છે. જેમાં એક સન્યાસીને તપ કરવાથી કોઈને મારી નાંખવા ની સિદ્ધિ મળી હતી તેની વાત છે. એક દિવસ આ સન્યાસી વૃક્ષની નીચે ધ્યાન ધરવા બેઠો હતો,વૃક્ષ ઉપરથી એક બગલી તેના મસ્તક પર ચરકી.તેનાં ધ્યાનમાં ભંગ થતાં તેને ગુસ્સો આવ્યો.તેણે ક્રોધભરી નજરે ઉપર રહેલી બગલી સામે જોયું અને તે બગલી બળીને ભસ્મ થઈ ગઈ. તેને પોતાની આ સિદ્ધિ પર અભિમાન જાગ્યું. પછી તે ભિક્ષા માટે એક નગરમાંઆવ્યો એક ઘરે ભિક્ષા માગી. અંદરથી ગૃહિણીએ જવાબ આપ્યો, "મહારાજ, થોડીવાર થોભો. હમણાં હું ખૂબ જ કામમાં છું," તે ઊભો રહ્યો. પણ કોઈ ભિક્ષા આપવા આવ્યું નહીં, તેથી હવે તેનો ગુસ્સો વધવા લાગ્યો. ત્યાં ગૃહિણીએ બારણું ખોલ્યું, સાધુને ક્રોધથી તમતમતો જોઈને ગૃહિણી એ કહ્યું," મહારાજ, હું કંઈ વનની બગલી નથી કે તમે મને બાળીને ભસ્મ કરી નાંખશો"આ સાંભળતાં જ સન્યાસીના ક્રોધ પર જાણે ઠંડા પાણીની ડોલ ઢોળાઈ. તેને ખૂબ આશ્ચર્ય થયુંકે બગલીને ભસ્મ કરી ત્યારે તો વનમાં કોઈ જ નહોતું અને આ સ્ત્રીને તેની કેવી રીતે ખબર પડી ? પછી એકદમ વિનમ્ર થઈ હાથ જોડી




પૂછયું," માતા, તમે આ કેવી રીતે જાણ્યું? " ત્યારે તે સ્ત્રીએ કહ્યું, "મહારાજ, હું તો કંઈ શાસ્ત્રો ભણી નથી. એવું કોઈ તપ પણ મેં કર્યું નથી. ઘરમાં મારા પતિ અને સાસુ-સસરાની સાચા ભાવથી સેવા કરતાં કરતાં મને આ જ્ઞાન મળ્યું છે!" માતા તો તમે મનેએ જ્ઞાન આપો," સન્યાસીએ સાચું જ્ઞાન મેળવવા તે સ્ત્રીને વિનંતી કરીના મહારાજ હું તમારી ગુરુ નથી, તમારા ગુરુ બીજા છે." સન્યાસી માટે આ વળી બીજું આશ્ચર્ય હતું કે આ સ્ત્રી પોતાના ગુરુ વિશે પણ જાણે છે! પણ હવે તે સ્ત્રીની શક્તિમાં તેને વિશ્વાસ હતો એટલે ફરી પૂછયું," કહો, કોણ છે મારા ગુરુ?" આ ગામના છેવાડે રહેતો કસાઈ. તમે તેની પાસે જાઓ એ તમને બ્રહ્મજ્ઞાન આપશે" સન્યાસીને ફરી આશ્ચર્ય થયું !એક કસાઈ પાસે વળી બ્રહ્મજ્ઞાન? પણ હવે તો જ્ઞાન મેળવવું જ હતું એટલે તે ગામના છેવાડે રહેલી કસાઈની દુકાને આવી પહોંચ્યો, જોયું તો કસાઈ માંસ કાપતો હતો અને ગ્રાહકોને જોખીને આપતો હતો. સાધુને દૂર ઊભેલો જોઈને તેણે કહ્યું, "આવો મહારાજ,તમને તે માતાએ મોકલ્યા છે. પણ હમણાં હું આ ગ્રાહકોને માંસ આપી દઉં, પછી તમને મળું, એમ કહીને તે પોતાના કામમાં પરોવાઈ ગયો. સન્યાસી તેને ખચાખચ માંસ કાપતા જોઈ રહ્યો. મનમાં વિચારી રહ્યો આવું હીન કૃત્ય કરનારની પાસે વળી બ્રહ્મજ્ઞાન? કામ પૂરું થતાં કસાઈએ તેને બોલાવીને જે પથરા પર માંસ કાપતો હતો એ પથરો સાફ કરીને તેના પર સન્યાસીને બેસાડયો, અને પછી તેના સઘળા પ્રશ્નોનું સમાધાન કરીને તેને બ્રહ્મજ્ઞાન આપ્યું. આ દષ્ટાંત દ્વારા વ્યાસમુનિએ એ ભારપૂર્વક જણાવ્યું છે કે લોકો જેને અધમમાં અધમ કામ ગણે છે, તેવું કામ કરતાં કરતાં પણ જો ચિત્ત ભગવાનમાં લાગેલું હોય તો ભગવદ્ પ્રાપ્તિ થઈ શકે છે. કામ હલકું કે મહાન નથી. પણ એની પાછળનું વલણ મહત્ત્વનું છે. આપણા આ યુગમાં પણ કેટલાય બ્રહ્મજ્ઞ સંતો કામ કરતાં કરતાં બ્રહ્મ ત્વને પામ્યા છે. સંત કબીરજી એ કાપડ વણતાં વણતાં 'સાહેબ' નો સાક્ષાત્કાર કર્યો હતો.સંત તિરુ વલ્લુવલકર પણ કાપડ વણતાં વણતાં ઈશ્વરને પામ્યા હતા. મીરાંના ગુરુ રૈદાસ ચમાર હતા. ગોરા કુંભારે માટલાં ઘડતાં ઘડતાં ભગવાનનો સાક્ષાત્કાર કર્યો હતો. આવાં તો અસંખ્ય દષ્ટાંતો જોવા મળે છે કે જેમાં સંતોએ કામ કરતાં કરતાં અલખની આરાધના કરી છે. કોઈપણ પ્રકારનું કામ સાધનામાં બાધક બનતું નથી. પોતાના એક શિષ્ય સત્યકામને દુર્બળ એવી ચારસો ગાયો આપીને ગૌતમ ઋષિએ કહ્યું;" આને તું વનમાં લઈ જા અને જ્યારે એક હજાર ગાયો થાય ત્યારે પાછો આવજે ત્યારે હું તને બ્રહ્મજ્ઞાન આપીશ. સત્યકામ ગાયોને લઈને વનમાં ગયો. ગાયોની સેવા કરતાં કરતાં, વનમાં પ્રકૃતિના સાંનિધ્યમાં એને સહજ રીતે જ્ઞાન મળવા લાગ્યું. એની આંતરિક ચેતના વિકસવા લાગી. જ્યારે ચારસો દુબળી ગાયોમાંથી એક હજાર ઋષ્ટપુષ્ટ ગાયો થઈ ગઈ ત્યાં સુધીમાં તો તેનો આંતરિક વિકાસ એટલો બધો થઈ ગયો હતો કે પ્રકૃતિના સત્ત્વો દ્વારા તેને બ્રહ્મ જ્ઞાન મળ્યું. બળદ, જળકૂકડી હંસ અને અગ્નિ દ્વારા તેને બ્રહ્મ જ્ઞાન પ્રાપ્ત થયું. જ્યારે તે એક હજાર ગાયોને લઈને ગુરુ પાસે આવ્યો, ત્યારે તેના મુખ પરનું તેજ જોઈને ગુરુએ કહ્યું,"બેટા, તારા મુખ ઉપર હું બ્રહ્મજ્ઞાનનું તેજ જોઈ રહ્યો છું. તને આ જ્ઞાન કોણે આપ્યું? જ્યારે સત્યકામ પાસેથી તેમણે બધી વાત જાણી ત્યારે તેઓ અત્યંત પ્રસન્ન થઈ ગયા. આશ્રમના પરિ સરમાં,ગુરુના સાંન્નિધ્યમાં રહીને જે બ્રહ્મજ્ઞાન અન્ય શિષ્યો નહોતા પ્રાપ્ત કરી શકયા એ જ્ઞાન ગાયોને સાચવવાનું કાર્ય કરતાં કરતાં સત્ય કામ પામ્યો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે અષાઢ સુદ ચૌદસ ચોમાસી ચૌદસ જૈન સંપ્રદાયમાં આગવું મહાત્મ્ય દર્શાવેલું છે. આપણે કોઈ કામ ઊંચું કે નીચું નથી તો ભગવાનને મેળવવા માટે જેવો પ્રેમ, ભક્તિનો કે જ્ઞાનનો માર્ગ છે, તેવો જ કર્મનો માર્ગ પણ છે. આપણા શાસ્ત્રોએ, ઉપનિષદના ઋષિઓએ કર્મના માર્ગને પણ એટલું જ મહત્ત્વ આપ્યું છે જેટલું જ્ઞાન ભક્તિને આપ્યું છે. ગીતાએ પણ નિષ્કામ ભાવે કર્મ કરી મુક્તિનો માર્ગ બતાવ્યો છે. કર્મ કરતાં કરતાં કેવી રીતે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે એના બે ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણે જોયાં..અસ્તુ.

**પ્રાકૃતિક ખેતીથી આવકમાં બમણો નહીં પરંતુ ત્રિગણો વધારો થયોઃ પ્રાકૃતિક ખેતીના પ્રતાપે આખું જીવન બદલાઈ ગયુંઃ વજેસિંહ ડાભી**

# વડોદ ગામના ખેડૂત વજેસિંહ ડાભીએ પ્રાકૃતિક ખેતી માટે સંકલ્પ લીધો કે, રાસાયણિક ઝેર ખાવું નહીં અને ખવડાવવું પણ નહીં

**ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા વજેસિંહ ડાભી પાસે પાંચ ગાયો છે, આ ગાયોના છાણ અને મૂત્રનો ઉપયોગ તેમણે જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત તેમજ પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભ એવા આચ્છાદન અને વાપ્સાનો ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કર્યુ હતું, પ્રાકૃતિક ખેતીમાં તેમનો પૂરો પરિવાર તેમને સાથ આપે છે, તેઓ જણાવે છે કે, જો તેઓ પ્રાકૃતિક ખેતી તરફ ન વળ્યા હોત તો આજે તેમનું જીવન નર્ક જેવું બની ગયું હોત, પરંતુ પ્રાકૃતિક ખેતીના પ્રતાપે તેમનું આખું જીવન બદલાઈ ગયું છે.**




અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના વડોદ ગામમાં રહેતા ખેડૂત શ્રી વજેસિંહ ડાભીએ વર્ષ ૨૦૧૭થી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કર્યું છે. તેઓ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે છે. દેશી ગાયનું ગૌમૂત્ર, છાણ વગેરેનો ઉપયોગ કરીને પ્રાકૃતિક ખેતી કરતા વજેસિંહ ડાભી સીઝનલ શાકભાજીના પાક વડે સારી આવક મેળવે છે. રાસાયણિક ખાતરો અને દવાઓથી જમીનની સાથે માનવ શરીરને મોટું નુકસાન થાય છે એ વાત વજેસિંહ ડાભીને સમજાતા તેમણે આ ઝેરી ખેતીને તિલાજંલિ આપી પ્રાકૃતિક ખેતી અપનાવી છે. આ અંગે વજેસિંહ ડાભી જણાવે છે કે, તેઓ છેલ્લા ઘણા વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

પ્રાકૃતિક રીતે તેમને અસાધ્ય રોગ મટતા તેમણે સંકલ્પ લીધો કે, રાસાયણિક ઝેર ખાવું નહીં અને ખવડાવવું નહીં. રાસાયણિક ખાતરથી પાકના ઉત્પાદન મેળવવામાં પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાતર, બિયારણ અને ઉત્પાદન સારું થતું ન હતું. પરંતુ પ્રાકૃતિક ખેતીથી ખર્ચાળ વસ્તુઓ ઓછી થઈ અને પાક સારો મળી રહ્યો છે. તેઓ જણાવે છે કે, તેમની આવકમાં બમણો નહીં પરંતુ ત્રિગણો વધારો થયો છે. વજેસિંહ ડાભી ખેતીની વાત કરતા જણાવે છે કે, તેઓ પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી કરી સીઝનલ શાકભાજી ઉગાડે છે. પ્રાકૃતિક ખેતીની શરૂઆતમાં પાક સારો થતો ન હતો. રાસાયણિક ખાતર નાખવાથી તેમની જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવો અળસિયા અને ઓર્ગેનિક કાર્બન ઓછો થયો હતો. જેના કારણે જમીન કઠણ થઈ ગઈ હતી અને જમીનની પાણી શોષવાની ક્ષમતા ઘટી ગઈ હતી. જેથી ખાતરો અને દવાઓનો ખર્ચ વધવા સાથે ખેતીમાં રોગનું પ્રમાણ પણ વધવા પામ્યું હતું. પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી ત્યારથી તેમનો ખર્ચ ઓછો થયો છે અને ઉત્પાદન તથા નફો વધુ થયો છે. તેમના ખેતરમાં ઉગાડેલી શાકભાજીનું સીધું વેચાણ સૃષ્ટિ એન.જી.ઓ.



મારફત ગ્રાહકોને કરવામાં છે. લોકોને શુદ્ધ વસ્તુ મળતા તેના બજારમાં ભાવ પણ સારા મળે છે જેથી સારો એવો નફો મળે છે.

તેઓ જણાવે છે કે, તેમના ખેતરમાં ગવારનો પાક સૌથી સારો થાય છે. એક વીઘા જમીનમાં ઉગાડેલી ગવારમાં તેમણે રૂ.૭૦,૦૦૦નો ચોખ્ખો નફો મેળવ્યો છે. જ્યારે બીજા ભાગમાં ઉગાડેલ ગવાર તેમણે સીધો બજારમાં મોકલાવી વધુ નફો મેળવ્યો હતો. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા વજેસિંહ ડાભી પાસે પાંચ ગાયો છે. આ ગાયોના છાણ અને મૂત્રનો ઉપયોગ તેમણે જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત તેમજ પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભ એવા આચ્છાદન અને વાપ્સાનો ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કર્યું હતું. પ્રાકૃતિક ખેતીમાં તેમનો પૂરો પરિવાર તેમને સાથ આપે છે. તેઓ જણાવે છે કે, જો તેઓ પ્રાકૃતિક ખેતી તરફ ન વળ્યા હોત તો આજે તેમનું



જીવન નર્ક જેવું બની ગયું હોત, પરંતુ પ્રાકૃતિક ખેતીના પ્રતાપે તેમનું આખું જીવન બદલાઈ ગયું છે. એક સમયે રાસાયણિક ખેતી કરનારા વજેસિંહ ડાભી આજે આત્મા પ્રોજેક્ટ થકી ૧૦ ગામોમાં પોતે પ્રાકૃતિક ખેતીના ટ્રેનર તરીકે જાય છે. તેઓ જણાવે છે કે, તેમને જોઈને બીજા ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. તેઓ પોતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના લેક્ચર સાંભળે છે અને ટ્રેનર તરીકે બીજા ખેડૂતોને પણ લેક્ચર સંભળાવીને પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા અને માર્ગદર્શન આપે છે. પ્રાકૃતિક ખેતીના હિમાયતી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને રાજ્ય સરકારનું આભાર વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે, આપણા રાજ્યના રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી માટે જે ઝુંબેશ ઉપાડી છે. જેના લીધે તેમના જેવા હજારો ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. રાજ્ય સરકાર તરફથી તેમને ઘણી યોજનાઓનો લાભ મળ્યો છે. જેનાથી આર્થિક ટેકો થતા પ્રાકૃતિક કૃષિને વેગ મળ્યો છે.



એવી અટકળો પણ લગાવાઈ રહી છે બિગ બી અને જયા બચ્ચન એક સાથે કોઈ ફિલ્મમાં કામ કરી રહ્યાં છે

### અમિતાભ બચ્ચન ફેમિલી મેન તરીકે ઓળખાય છે

# ફેમિલી મેનઃ વરસાદમાં હેરાન થતાં છત્રી પકડી ઊભા રહ્યા

અમિતાભ બચ્ચન ફેમિલી મેન તરીકે ઓળખાય છે. પોતાની આ ઈમેજને વધારે પ્રબળ બનાવતો ફોટોગ્રાફ બિગ બીએ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. જયા બચ્ચન માટે તેઓ વરસતા વરસાદમાં છત્રી લઈનેઊભા રહેલા દેખાય છે. આ ફોટોગ્રાફ રીયલ લાઈફનો હોય તેવું લાગતું નથી. તેના પરથી એવી અટકળો લગાવાઈ રહી છે બિગ બી અને જયા બચ્ચન એક સાથે કોઈ ફિલ્મમાં કામ કરી રહ્યાં છે. બિગ બીએ શેર કરેલી તસવીરમાં તેઓ જયા બચ્ચન માટે છત્રી ખોલીને ઉભા છે અને તેઓ સેટ પરથી શૂટ પૂરું કરીને નીકળ્યાં છે. આ ઉપરાંત તેમણે મુંબઈના વરસાદમાં પરેશાનીનો સામનો કરી રહેલાં લોકો માટે ચિંતા વ્યક્ત કરીને તેમના માટે શુભેચ્છાઓ પણ વ્યક્ત કરી છે. બિગ બીએ તેમની અને જયાની એક રોમેન્ટિક તસવીર શેર કરી હતી. જેમાં તેમણે લખ્યું, "૫૦૭૪ – આખો દિવસ વરસાદ વરસ્યો છે.. કામના સેટ પર પણ..કલાકારો પાણીમાંથી પસાર થાય છે, ત્યારે તેમના પર છત્રીઓ સજેલી દેખાય છે..મોટાભાગનાને તેમાં કામ કરવાની મજા આવે છે.." આ ઉપરાંત તેમણે એક બ્લોગ પણ લખ્યો હતો. બ્લોગમાં બિગ બીએ લખ્યું, "વરસાદ આકરા તાપના ઉનાળાના મહિનાઓથી છૂટકારો અપાવે છે, પણ તે તારાજી પણ સર્જે છે." તેમણે આગળ લખ્યું, "ગરમ ઉનાળા પછી ચોમાસુ આશીર્વાદરૂપ છે, પરંતુ જેની રાહ જોવાય છે એવા ખેતીના ફાયદા સિવાય તે તારાજી અને પૂર પણ લાવે છે. સુંદર દૃશ્યોને ખરાબ કરી નાંખે છે અને જે તેનો ભોગ બને છે તેના માટે પીડાદાયક પણ હોય છે. દર વર્ષે આ પરિસ્થિતિનું પુનરાવર્તન થાય છે.. દુઃખદ..વિવષ.. જે નુકસાન થયા છે, તેનું શબ્દોમાં વર્ણન કરવું મુશ્કેલ છે.. પરંતુ આપણે પાર્થના કરીએ કે બધું સારું થઈ જાય અને બધાનું સ્વાસ્થ્ય સારું રહે.



### વિક્રાંત મેસ્સીની 'ધ સામબરમતી રિપોર્ટ' ફિલ્મ ફરીથી પોસ્ટપોન થઈ

# સાબરમતી રિપોર્ટમાંથી ડાયરેક્ટરની વિદાય, ફરી શૂટિંગ સામે નારાજગી

**'ધ સામબરમતી રિપોર્ટ' ગોધરામાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન સળગાવાની ઘટના પર આધારિત છે**





વિક્રાંત મેસ્સી, રાશિ ખન્ના અને રિદ્ધી ડોગરાની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' પહેલાં ૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ રિલીઝ થવાની હતી. પરંતુ ત્યાર બાદ એવા અહેવાલો આવ્યા કે હવે આ ફિલ્મ પોસ્ટપોન થઈ છે, ત્યાર પછી એવા અહેવાલો આવ્યા હતાં કે હવે આ ફિલ્મ ફરી શૂટ થઈ રહી છે. તેમજ તેના ડિરેક્ટર રંજન ચંદેલે પણ ફિલ્મ છોડી દીધી છે. હવે ડિરેક્ટર ચંદેલે પણ આ સમાચારની ખરાઈ કરી છે, તેણે એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો, "મેં ફિલ્મમાંથી પાછળ ખસી જવાનો નિર્ણય મારી જાતે લીધો છે." તેની પાછળનાં કારણ વિશે વાત કરતા રંજન ચંદેલે કહ્યું,"મેં આખી ફિલ્મ શૂટ કરી લીધી પરંતુ પછી પ્રોડ્યુસર્સના કેટલાંક આઈડિયા હતા, જે અનુસાર સીન રીશૂટ નહોતા કરવાના પણ કેટલાંક નવા સીન ઉમેરવાના હતા. આ ફિલ્મ એક સંવેદનશીલ પર બની રહી છે, તેથી હું એ ફેરફાર કરવા માટે સહમત નહોતો, તેથી મેં પાછળ ખસી જવાનો નિર્ણય લીધો. મારી અને પ્રોડ્યુસર્સ વચ્ચે કેટલાંક સર્જનાત્મક બાબતોના વિચારભેદ હતાં." 'ધ સામબરમતી રિપોર્ટ' ગોધરામાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન સળગાવાની ઘટના પર આધારિત છે. ગુજરાતના ગોધરા પાસે બનેલી આ ઘટનામાં અયોધ્યાથી પરત આવી રહેલાં ૫૯ હિન્દુ યાત્રાળુઓ અને કરસેવકોનાં મૃત્યુ થયા હતા. આ ઘટનાના પરિણામે રમખાણો થયાં હતાં. જોકે, તેનું કારણ હજુ વિવાદિત જ રહ્યું છે. આગળ ચંદેલે કહ્યું,"એવા અહેવાલો વહેતા થયાં હતાં કે, સેન્સર બોર્ડે કેટલાંક ફેરફાર સૂચવતાં ફિલ્મ પોસ્ટપોન થઈ છે. પરંતુ આ વાત બિલકુલ સાચી નથી." વિક્રાંત મેસીની નવીનતમ માસ્ટરપીસ, "ધ સાબરમતી રિપોર્ટ" સાથે સિલ્વર સ્ક્રીન પર ઈતિહાસ જીવંત થયો. રંજન ચંદેલ દ્વારા દિગ્દર્શિત અને એકતા કપૂર, શોભા કપૂર, અમૂલ વી મોહન અને અંશુલ મોહન દ્વારા નિર્મિત આ ઉત્તેજક ફિલ્મ, રાષ્ટ્રને હચમચાવી નાખતી સાચી ઘટનાઓનું ચિત્રણ કરે છે. "ધ સાબરમતી રિપોર્ટ સાથે વાર્તા કહેવાની શક્તિનો અનુભવ કરવા માટે તૈયાર રહો.

# નાનીની આ 33મી ફિલ્મ અને જાન્હવી માટે ત્રીજી તેલુગુ ફિલ્મ




સાઉથ ઈન્ડિયન સુપર સ્ટાર નાનીની ૩૩મી ફિલ્મ આવી રહી છે, તેમાં તેની સાથે જાન્હવી કામ કરી શકે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. જોકે, હાલ હજુ આ ફિલ્મનું નામ નક્કી થયું નથી તેથી આ ફિલ્મને હાલ 'નાની૩૩'થી ઓળખવામાં આવે છે. જો આ અહેવાલો સાચા હોય તો જાન્હવી અને નાની પહેલી વખત સાથે જોવા મળશે. સાથે ઓડિયન્સ માટે આ ફિલ્મ પ્રોમિસિંગ હોવાની સાથે ળેશ અને એક્સાઈટિંગ પણ હશે. હજુ આ ફિલ્મના મેકર્સ તરફથી પણ કોઈ કન્ફર્મેશન આપવામાં આવ્યું નથી. પરંતુ તેલુગુ અખબારોના કહેવા મુજબ મેકર્સ જાન્હવીને કાસ્ટ કરવા ઘણા ઉત્સુક છે. જાન્હવી ઉપરાંત આ ફિલ્મ સાથે 'દસરા'થી જાણીતા શ્રીકાંત ઓડેલા પણ ફરી એક વખત નાની સાથે કામ કરશે, જો આ શક્ય થઈ જાય તો જાન્હવીની આ ત્રીજી તેલુગુ ફિલ્મ હશે, પહેલી તેની જુનિયર એનટીઆર સાથેની 'દેવરા'પછી તેણે રામ ચરણ અને ડિરેક્ટર બુચી બાબુ સના સાથે તેલુગુ ફિલ્મમાં એન્ટ્રી કરી હતી. જો તે નાનીની ફિલ્મમાં પણ જોડાશે તો તેનાથી તેની ફિલ્મની અપીલ પણ વધી જશે. જાન્હવી ઉપરાંત આ ફિલ્મ સાથે 'દસરા'થી જાણીતા શ્રીકાંત ઓડેલા પણ ફરી એક વખત નાની સાથે કામ કરશે. તેમાં નાનીનો રોલ એક ગંભીર અને રફ પાત્રનો હતો. તેમાં કિર્તિ સુરેશ, દિક્ષિત શેટ્ટી, શાઈન ટોમ ચાકો અને સમુથિરકની સહિતના કલાકારો હતા. આ ફિલ્મને ઘણી પ્રશંસા મળી હતી. આ ફિલ્મની એનિવર્સરી વખતે જ નાનીએ તેની નવી ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યુ હતું, જેને તેણે "મેડનેસ" ગણાવી હતી. આ ટીઝરથી જ વિવેચકો અને દર્શકો બધાંમાં ભારે ઉત્સુકતા પણ જામી રહી છે કે આ એક્ટર અને ડિરેક્ટરની જોડી હવે શું લઈને આવશે. આ પહેલાં નેચરલ સ્ટાર ગણાતા નાનીએ ડેબ્યુટન્ટ ડિરેક્ટર શૌર્યુવની 'હાઈ નન્ના'માં કામ કર્યુ હતું, જેમાં તે એક પલ્મોનરી ડિસીઝ ધરાવતી દિકરોનાં સિંગલ પિતાનો રોલ કરે છે.

# જ્યારે બાળકો રમે છે ત્યારે હું પૈસા કમાવવાનું શીખ્યો છું : વિવેક ઓબેરોય

**૧૦ વર્ષનો હતો ત્યારે તેના પિતા તેને વેપારી સામાન લાવતા હતા અને તેને વેચવાનું કામ આપતા**



વિવેકઓબેરોયે ૨૦૦૨માં ફિલ્મ 'કંપની'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. કરિયરની શરૂઆતમાં 'સડક', 'યુવા' અને 'દમ' જેવી ફિલ્મો કરી ચૂકેલા વિવેકને બોલિવૂડનો આગામી મોટો સ્ટાર માનવામાં આવી રહ્યો હતો. પરંતુ છેલ્લા ૧૦ વર્ષમાં વિવેકે મેઈનસ્ટ્રીમ બોલિવૂડ ફિલ્મોથી દૂર જવાનું શરૂ કર્યું. આજકાલ વિવેક એક્ટર કરતાં ઉદ્યોગસાહસિક તરીકે વધુ સક્રિય છે.હવે એક નવા ઈન્ટરવ્યુમાં વિવેકે જણાવ્યું છે કે તે ૧૦ વર્ષનો હતો ત્યારે બિઝનેસમેન બની ગયો હતો અને તેમાં તેના પિતાની મોટી ભૂમિકા હતી. તમને જણાવી દઈએ કે, વિવેકના પિતા સુરેશ ઓબેરોય પણ લોકપ્રિય અભિનેતા હતા અને બોલિવૂડની ઘણી યાદગાર ફિલ્મોમાં મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. વિવેકે જણાવ્યું કે કેવી રીતે તેના પિતાએ તેને ૧૦ વર્ષની ઉંમરથી જ બિઝનેસમેન બનવાની તાલીમ આપવાનું શરૂ કર્યું.આજતક સાથેના એક ઈન્ટરવ્યુમાં વિવેકે જણાવ્યું કે જ્યારે તે ૧૦ વર્ષનો હતો ત્યારે તેના પિતા તેને વેપારી સામાન લાવતા હતા અને તેને વેચવાનું કામ આપ્યું હતું. વિવેક નફો પોતાના માટે રાખી શકતો હતો, પરંતુ તેણે તેના પિતાને પુરવઠાની કિંમત ચૂકવવી પડી હતી. આ રીતે તે હિસાબ જાળવતા શીખ્યો. વિવેક ઉનાળાના વેકેશનમાં આ ટ્રેનિંગ મેળવતો હતો.વિવેકે કહ્યું, 'જે દિવસે સ્કૂલ પૂરી થઈ, મારા પિતા બીજા દિવસે મારા માટે કેટલીક પ્રોડક્ટ્સ લાવશે. તે ઈલેક્ટ્રોનિક્સ, અત્તર, વિવિધ પ્રકારની વસ્તુઓ હતી. તે કહેતો હતો કે આ તમામ માલસામાનની કિંમત ૨૦૦૦ રૂપિયા છે. તમે આમાંથી કેટલું કાઢી શકો છો? જો મેં તેની પાસેથી રૂ. ૧૦૦૦ ની કિંમતની ચીજવસ્તુઓ લીધી હોય, તો તેનાથી ઉપર જે પણ મેં કમાણી કરી હતી તે મારી હતી અને હું તેને રૂ. ૧૦૦૦ પરત કરીશ. ત્યારે હું ૧૦ વર્ષનો હતો.વિવેકે કહ્યું કે તે ઉંમરથી જાણે છે કે એકાઉન્ટ કેવી રીતે મેન્ટેન કરવું. તેણે આગળ કહ્યું, 'તમે તમારી સાયકલ વેચશો તો કેટલા પૈસા બચાવશો? જો તમે ઓટો લો છો તો તમે કેટલો ખર્ચ કરશો? તેથી મને આ બાબતોની સમજ હતી, જે દર વર્ષે વધતી ગઈ. હું ૧૫-૧૬ વર્ષનો હતો ત્યાં સુધી મારા પિતા મને દર વર્ષે આ કામો કરાવવા માટે કરાવતા હતા. વિવેકે જણાવ્યું કે તેની ઉંમરના બાળકો તેમનો મોટાભાગનો સમય ક્રિકેટ રમવામાં પસાર કરતા હતા.

# ૫૪ વર્ષના સ્ટંટમેનનું ૨૦ ફૂટ પરથી પડીને મોત



૫૪ વર્ષના વરિષ્ઠ સ્ટંટમેન ઈલુમલાઈનું અવસાન થયું છે. સ્ટંટ દરમિયાન પડી ગયો અને જીવ ગુમાવ્યો - ફિલ્મના સેટ પર સ્ટંટ દરમિયાન સુરક્ષાના અભાવે તે ૨૦ ફૂટ પરથી પડી ગયો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. પરંતુ ડોકટરો તેને બચાવી શક્યા ન હતા અને તેનું મોત નીપજ્યું હતું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુખદ સમાચાર સામે આવી રહ્યા છે. ફિલ્મ 'સરદાર ૨'ના સેટ પર એક મોટો અકસ્માત થયો છે. ૫૪ વર્ષના વરિષ્ઠ સ્ટંટમેન ઈલુમલાઈનું અવસાન થયું છે. સ્ટંટ દરમિયાન તે પડી ગયો અને જીવ ગુમાવ્યો.ઈલુમલાઈએ રજનીકાંત, કમલ હાસન, વિજય, અજીત કુમાર માટે ઘણી ફિલ્મોમાં સ્ટંટ કર્યા હતા. મંગળવારે તે કાર્તિની ફિલ્મ 'સરદાર ૨' માટે સ્ટંટ કરી રહ્યો હતો. ત્યારબાદ લેબ પરિસરમાં સલામતીના અભાવે એલવી પ્રસાદ ૨૦ ફૂટ નીચે પડી ગયા. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. પરંતુ ડોકટરો તેને બચાવી શક્યા ન હતા અને તેનું મોત નીપજ્યું હતું. તેની છાતીની આસપાસ ઘણી ઈજાઓ હતી. તેના ફેફસામાં ગંભીર ઈજા થઈ હતી. વિરુગમ્બક્કમ પોલીસે આ મામલે એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે.આ ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે.

### સંયુક્તાની છેલ્લી તેલુગુ ફિલ્મ વિરુપાક્ષ બ્લોકબસ્ટર રહી હતી

# કાજોલના કારણે પહેલી હિન્દી ફિલ્મનું શૂટિંગ ખૂબ સરળ બન્યુંઃ સંયુક્તા




સાઉથની ચારેય ભાષામાં બેક ટુ બેક હિટ ફિલ્મો આપનારી સંયુક્તાની પહેલી હિન્દી ફિલ્મ મહારાજ્ઞી રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં સંયુક્તાની સાથે કાજોલનો લીડ રોલ છે. કાજોલ પાસેથી ઘણું શીખવા મળ્યું હોવાનું સંયુક્તા માને છે. આ સાથે તે ફિલ્મનું શૂટિંગ સરળ બનાવવા બદલ કાજોલનો આભાર પણ માને છે. સંયુક્તાની છેલ્લી તેલુગુ ફિલ્મ વિરુપાક્ષ બ્લોકબસ્ટર રહી હતી. તેની આગામી હિન્દી ફિલ્મ કાજોલ છે. આ ફિલ્મમાં રાંકમાંથી રાજા બનવા સુધીની સ્ટોરી છે. પહેલી હિન્દી ફિલ્મમાં કાજોલ સાથે સ્ક્રિન શેર કરવાના અનુભવ અંગે સંયુક્તાએ જણાવ્યુ હતું કે, કાજોલની ફિલ્મો જોતાં જ તે મોટી થઈ છે અને તેમને નરી આંખે જોવાં તથા તેમની સાથે કામ કરવું તે મોટી વાત છે. અમે શૂટિંગમાં સાથે હોઈએ ત્યારે કાજોલ મદદરૂપ થવા સતત પ્રયાસ કરતા. તેઓ ક્યુઝ આપીને મારા સીનનું શૂટિંગ સહેલું બનાવતા હતા. ફિલ્મોમાં પડદા પર દેખાય છે, તેના કરતાં કાજોલ વાસ્તવિક જીવનમાં વધારે સરસ છે. સાઉથની ફિલ્મો કલ્કિ, વાથી અને વિરુપાક્ષમાં સંયુક્તાની એક્ટિંગ વખણાઈ છે, જેના કારણે મહારાજ્ઞી પાસેથી અપેક્ષાઓ વધી છે. મહારાજ્ઞી સાથે તેની કરિયરમાં નવું સોપાન ઉમેરાઈ રહ્યું છે. સાઉથમાં કમાલ કરનારી સંયુક્તાને હિન્દી એક્શન અવતારમાં જોવા ઓડિયન્સ પણ આતુર છે.

### તૃપ્તિએ 'બેડ ન્યૂઝ'ની ટીમનો પણ આભાર માન્યો હતો

# કોમેડી વધારે અઘરીઃ તૃપ્તિ ડીમરીને અલગ જોનરની ફિલ્મો કરવી છે

**'બેડ ન્યૂઝ' ફિલ્મમાં સેન્સર બોર્ડે વિકી કૌશલ અને તૃપ્તિ ડીમરીના ૨૭ સેકન્ડના ઇન્ટિમેટ સીન સહિત ૩ કટ કરાવ્યા**



ફિલ્મ 'એનિમલ'માં રણબીર કપૂર સાથે કામ કર્યા બાદ તૃપ્તિ ડિમરી નેશનલ ક્રશ બની ગઈ હતી. હવે કે ૨૦૨૪માં 'બેડ ન્યુઝ' સાથે કોમેડી પ્રકારની ફિલ્મમાં હાથ અજમાવવા જઈ રહી છે. સાથે જ સીબીએફસીએ વિકી અને તૃપ્તિના ૨૭ સેકન્ડના ઈન્ટિમેટ સીન સહિત ૩ સીન દૂર કરાવ્યા હોવાથી ફિલ્મ અંગેની ચર્ચા વધી છે. કોમેડી ફિલ્મમાં કામ કરવાના અનુભવ વિશે વાત કરતા તૃપ્તિએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. તૃપ્તિએ કહ્યું,"મેં હંમેશા એવી ફિલ્મોમાં જ કામ કર્યુ છે, જેમાં બહુ જ ડ્રામા હોય. પરંતુ મને લાગે છે કે એક કલાકાર તરીકે તમારે અલગ અલગ પ્રકારની ફિલ્મો કરીને તમારી જાતને પડકારતાં રહેવી ખૂબ જરૂરી છે. મને શરૂઆતથી જ કોમેડી થોડી અઘરી લાગે છે." આગળ તૃપ્તિએ જણાવ્યું,"એ અઘરું હતું, પણ એકંદરે મારા માટે ઘણો શીખવાલાયક અનુભવ હતો." તેણે આ ઉપરાંત અલગ અલગ પ્રકારની એક્શન, ડ્રામા, કોમેડી અને વિવિધ પ્રકારની ફિલ્મોમાં કામ કરવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તૃપ્તિએ 'બૅડ ન્યૂઝ'ની ટીમનો પણ આભાર માન્યો હતો. તેણે કહ્યું,"મારા માટે આ કામ અઘરું હતું, કારણ કે મારી સામે વિકી કૌશલ અને એમી વિર્ક જેવા ટેલેન્ટેડ કલાકારો હતા અને તેમનું કોમિક ટાઈમિંગ ઘણું સારું છું. હું ડિરેક્ટર આનંદ તિવારીની આભારી છું કે તેમણે મારામાં વિશ્વાસ મુક્યો." આગામી દિવસોમાં કાર્તિક આર્યન અને વિદ્યા બાલન સાથે તૃપ્તિ 'ભૂલભુલૈયા ૩'માં જોવા મળશે. આ ઉપરાંત તે 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો' અને સિદ્ધાંત ચતુર્વેદી સાથે શાઝિયા ઈકબાલની 'ધડક ૨'માં પણ તૃપ્તિ જોવા મળશે.

### ફાલ્ગુની પાઠક તેમનાં હિટ ગરબા ગીતો માટે પ્રસિદ્ધ છે

# ખલાસી ત્રિપુટી સાથે દાંડિયા ક્વિને પહેલું ગુજરાતી રેપ સોન્ગ બનાવ્યું






દાંડિયા ક્વિન તરીકે ઓળખાતાં ફાલ્ગુની પાઠકે પહેલી વખત ગુજરાતી રેપ સોન્ગ પર હાથ અજમાવ્યો છે. ગુજરાતી રેપ સોન્ગ ' ગોતી લો...ખલાસી'ને દુનિયાભરના ગુજરાતીઓની જીભે રમતું કરી દેનારી ત્રિપુટી સાથે મળીને ફાલ્ગુનીએ 'શબદના રંગારા'માં પ્રથમ વખત રેપ સોન્ગ ગાયું છે. અસંખ્ય ગુજરાતી હિટ લોકગીતો પાછળના પ્રતિકાત્મક અવાજે રંગારા સાથે ફાલ્ગુનીએ તેમનાં સંગીત પ્રવાસમાં રોમાંચક વળાંક આપ્યો છે. ફાલ્ગુની પાઠક તેમનાં હિટ ગરબા ગીતો માટે પ્રસિદ્ધ છે, જ્યારે આદિત્ય ગઢવી ગુજરાતી અવાજનો લોકપ્રિય ચહેરો છે. સૌમ્ય જોષીએ નવી અને જૂની પેઢીની સંવેદનાને ખૂબ સહજતાથી ઝણઝણાવી જાય છે. ગુજરાતી ગીત-સંગીતના કસબીઓએ 'શબદના રંગારા'માં સાથે કામ કર્યુ છે ત્યારે આ અંગે રોમાંચને રજૂ કરતાં ફાલ્ગુનીએ કહ્યું હતું, "વાસ્તવમાં મારે માટે આખું ગીત પડકારજનક હતું, " "આ ગીત અલગ છે. હા, આનું કારણ હું સામાન્ય રીતે લોકગીતો ગાઉં છું. અને આ ગીત અલગ છે. અને હું ખરેખર તે ગાવા માગતી હતી. આ ગીત સાવ અલગ છે. આ શબ્દોનું પ્રોજેકશન છે, તેમાં ટ્યુન છે, તેમાં હાર્મની છે, તે સંગીત ધરાવે છે, તે લય ધરાવે છે. અને ખાસ કરીને આ વખતે આ મારી સાથે રૅપ ગીત છે. મારા સંપૂર્ણ જીવનમાં પહેલી વાર મેં રૅપ ગીત ગાયું છે." સૌમ્ય જોષીની મારફાડ સંવેદના, આદિત્ય ગઢવીનો ગુજરાતી જુસ્સો અને ફાલ્ગુનીનો સિગ્નેચર સ્વેગ ગુજરાતી ગીતમાં પરંપરા અને નાવીન્યતાને સાથોસાથ લાવે છે. તેમાં લાગણીઓની ઝરમર સાથે શેરબજાર, અખો, મેઘાણીની વાત છે. ફાફડા-પાપડી જલેબી સાથે પડતી સવારને યાદ કરવાનું પણ વિસરાયું નથી. છેલ્લા ત્રણ દાયકાથી સંગીત ઉદ્યોગમાં બોલબોલા ધરાવતી ફાલ્ગુની પાઠક દાંડિયાની નિર્વિવાદ ક્વીન છે, જે 'ખલાસી' ત્રિપુટી સાથે ગુજરાતી સંગીતને સંપૂર્ણ નવી ઊંચાઈએ લઈ જવા માટે સુસજ્જ જણાય છે.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે અષાઢ સુદ તેરસને શુક્રવાર ના રોજથી જયા પાર્વતી વ્રતની શરૂઆત કરવામાં આવેલ છે.ગામના શ્રી હરસિધ્ધેશ્વર મહાદેવ ના મંદિરે તારીખ ૧૯ જુલાઈ ૨૦૨૪ ના રોજ થી શ્રી ભરતભાઈ એ. પંડ્યા દ્વારા શાસ્ત્રોકત મંત્રોચ્ચાર વિધિથી શ્રી ગણેશજી, શ્રી મહાદેવજી તથા શ્રી માતા પાર્વતીજીનું પૂજન અર્ચન કરવામાં આવે છે જેમાં પ્રિયંકાબેન, અસ્મિતાબેન, જાગૃતીબેન, નયનાબેન, નૈસર્ગીબેન, ક્રિષ્નાબેન, રોશનીબેન, મિતલબેન, આરતીબેન, કિંજલબેન, પ્રેમીલાબેન, નિશાબેન, ચાંદનીબેન, વૈશાલીબેન, તેમજ ઈલાબેન દ્વારા તીખા અને લુણવાળા પદાર્થોનો ત્યાગ કરી પોતાને મહેશ્વર જેવો પતિ મેળવવા પૂજન અર્ચન કરી વાર્તા સાંભળી ભાવુક રહે છે. અષાઢ વદ બીજને દિવસે તારીખ ૨૩ /૦૭ /૨૦૨૪ ને મંગળવારના રોજ મોળાકત વ્રતનું જાગરણ કરી ભક્તિ ભાવપૂર્વક બીજા દિવસે પારણા કરી વ્રત સમાપ્ત કરે છે.

# ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના શિવારીમાળ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ

। (માહિતી) ડાંગ, તા.૧૯ ।

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને વધારેમાં વધારે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે છેલ્લા ચાર વર્ષથી રાજય સરકાર દ્વારા, તથા રાજયપાલશ્રીના માર્ગદર્શન હેઠળ આ બાબતે ઝુંબેશનારૂપમાં કામગીરી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષના અંત સુધીમાં રાજયમાં ૨૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તથા દરેક ગ્રામ પંચાયતમાં એક મોડલ ફાર્મ તૈયાર કરવાનો નિર્ધાર રાજ્ય સરકારશ્રીનો છે. જે અંતર્ગત દરેક પાંચ ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝ તાલીમમાં યોજવામાં આવી રહી છે. પ્રાકૃતિક કૃષિ વિષયક બીજાં તબક્કાની તાલીમમાં ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાના શિવારીમાળ ક્લસ્ટરમાં સમાવિષ્ટ શિવારીમાળ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક



તાલીમ યોજાઇ હતી. જેમાં કુલ-૩૪ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં માસ્ટર ટ્રેનર શ્રીમતી મિતલબેન મેસવાણીયા, શ્રી સંદિપભાઈ શેવરે દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપી.

# દેડિયાપાડા તાલુકાના અમરસિંગભાઇ વસાવા શાકભાજી, કઠોડ, ધાન્ય પાકોની પ્રાકૃતિક ખેતી કરી આત્મનિર્ભર બન્યા

## ચોમાસાની સિઝનમાં હળદર, મકાઇ, ડાંગર અને નાગલી જેવા પાકો કરી ખેડૂતોને પ્રોત્સાહન પુરૂ પાડતા શ્રી અમરસિંગભાઇ વસાવા

। (માહિતી) નર્મદા, તા.૧૯ ।

૫ એકર જમીનમા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતમિત્ર શ્રી અમરસિંગભાઈ વસાવા તેઓ નર્મદાના દેડિયાપાડા તાલુકાના બેસણા ગામમા છેલ્લા ૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી સાથે જોડાઇ વિવિધ પ્રકારની શાકભાજી, કઠોડ, ધાન્ય પાક, આંબાની વાડી સહિત પશુપાલન સાથે પ્રાકૃતિક ખેતી કરે છે. ખેડૂતમિત્ર શ્રી અમરસિંગભાઈ વસાવા જણાવે છે કે, ધો. ૦૫ સુધી ભણ્યા છે. શરૂઆતમાં રાસાયણિક ખાતરનો વધુ ઉપયોગ કરતા હતા પણ છેલ્લા ૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરે છે. દેડિયાપાડાના પ્રગતિશિલ ખેડૂતમિત્રોના ગૃપ દ્વારા પ્રાકૃતિક ખેતી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેડિયાપાડા અને આત્મા પ્રોજેક્ટ અંગે માહિતી મળી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટના અધિકારીશ્રીઓ દ્વારા તાલીમ મેળવીને પ્રાકૃતિક કૃષિ તરફ પ્રયાણ કર્યુ છે. પ્રેરણા પ્રવાસ થકી છેલ્લા ૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરે છે. ૫ એકર જમીનમાં સિઝન પ્રમાણે ખેતી કરી રહ્યા છે. ચાલુ વર્ષની વાત કરતા જણાવ્યુ કે, શિયાળામાં ઘઉં, સુરતી પાપડી અને ઉનાળામાં મગ, આંબાની વાડી તેમજ ચોમાસામા હળદર, મકાઈ, ડાંગર અને નાગલી પાકનું વાવેતર કરેલ છે. ૧૨ માસની સિઝન પ્રમાણેની ખેતી તો કરે જ છે. પણ સાથે-સાથે તેઓ શ્રી પશુપાલન સાથે સંપુર્ણ ગાય આધારિત ખેતી કરી આત્મનિર્ભર બન્યા છે. ગાય આધારિત ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકનો નહિવત ઉપયોગ કરી ઓછા ખર્ચે ખેતી કરવા માટે રાજ્ય સહિત નર્મદા જિલ્લાના ખેડૂતોને સરકારશ્રી દ્વારા વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજની સાથે તાલુકા ક્લસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપ વામા આવે છે. સરકારશ્રી દ્વારા ખેડૂતોને ખેતીલક્ષી અનેક સહાયો આપીને પ્રોત્સાહિત કરવામા આવી રહ્યા છે. ત્યારે બેસણા ગામના શ્રી અમરસિંગભાઈ વસાવાને બાગાયત વિભાગમાંથી વેલા વાળી શાકભાજી માટે મંડપ, આત્મ પ્રોજેક્ટમાંથી પાવર વિડર, ખેતીવાડી વિભાગમાંથી ટ્રેક્ટર, કેવી-કેમાથી લાલ ચોખા અને હળદરનુ બિયારણ સહિત જીજી આર.સી. દ્વારા ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ ઈન્સ્ટોલનીસહાયમળતાતેઓશ્રીએનર્મદાજિલ્લાના પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલ વિભાગો અને સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

# કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને સુરત મહાનગર પાલિકાના પદાધિકારીઓ-અધિકારીઓ સાથે જનહિતલક્ષી પ્રશ્નો અંગે સમીક્ષા બેઠક મળી



। (માહિતી) સુરત, તા.૧૯ ।

નાણા, ઉર્જા મંત્રી અને સુરત જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થા ને સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે જનહિતલક્ષી પ્રશ્નો બાબતે સમીક્ષા બેઠક મળી હતી. બેઠકમાં ધારાસભ્યશ્રીઓએ પોતાના વિસ્તારમાં વિકાસલક્ષી પ્રશ્નોની રજૂઆતો કરી હતી. બેઠકમાં શિક્ષણ રાજયમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ જનપ્રતિનિધિઓ તરફથી મળતી રજૂઆતો-પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાની તાકીદ કરી હતી. બેઠકમાં વરાછાના ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણીએ સરથાણા નજીક અધુરો રીંગરોડ ઝડપથી પુર્ણ થાય તથા ખાડીઓના રિસ્ટ્રક્ચરીંગ કરવાની રજૂઆત કરી હતી. ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદીએ અડાજણ વિસ્તારમાં જૂની ડ્રેનેજ લાઈનો બદલવા તથા શિતલથી કોઝવે સુધીના રસ્તાઓ ખોલવા, લારીવાળા માટે નવી પોલિસી બનાવવા, પાણીના સમયસર બિલો મળી રહે તે અંગેની રજૂઆતો કરી હતી. ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલે માનદરવાજા ટેનામેન્ટના રહીશોના હિતમાં ટેનામેન્ટના ઝડપથી રિ-ડેવલપમેન્ટ માટે કોઈ ચોક્કસ નિર્ણય લેવામાં આવે તેમ જણાવીને લિંબાયતમાં મંજૂર થયેલી કોલેજની જમીન ફાળવવાની રજૂઆત કરી હતી. જયારે ધારાસભ્ય અરવિંદ રાણાએ સેન્ટ્રલ ઝોનમાં ડ્રેનેજ અને પાણીની લાઈનો નાખ્યા બાદ સત્વરે આર. સી.સી.ના રસ્તાઓ બનાવવામાં આવે તે અંગેની રજૂઆત કરી હતી. પ્રજાના પ્રશ્નોનું પ્રજાના પ્રતિનિધિઓ સાથે સંકલનમાં રહી હકારાત્મક અને ઝડપી નિરાકરણ લાવવા નાણાં મંત્રીશ્રીએ અધિકારીઓને સુચના આપી હતી. મંત્રીશ્રીએ ઝડપી કામગીરી થાય તે માટે અલગ-અલગ એજન્સીઓને કામગીરી સોંપવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે તાપી રિવરફ્રન્ટની કામગીરી ઝડપથી શરૂ કરવા જણાવ્યું હતું. ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈએ ઉધના ઝોન-૧ની નવા ભવન માટે જગ્યાની ફાળવણી કરવા અંગે રજૂઆત કરી હતી. બેઠકમાં સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડૉ.નરેન્દ્ર પાટીલ, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રાજન પટેલ, મ્યુ.કમિશનરશ્રી શાલિની અગ્રવાલ, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌત, ડે.કમિશનરશ્રીઓ, મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાયના છાણ સહિત વિવિધ પ્રકારના ઝાડના સુકા પાંદડા-ડાળીઓ ઉપયોગ કરી જમીનને ગુણવત્તાયુક્ત બનાવી ધરુનો વિશેષ ઉછેર કરવાની પદ્ધતિઓ

। (માહિતી) સુરત, તા.૧૯ ।

પ્રાકૃતિક કૃષિ ખેડૂતમિત્રો અપનાવે અને જમીનને મૃતઃપ્રાય થતી અટકાવવા માટે કેન્દ્ર અને રાજય સરકાર તેમજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યાં છે. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ દ્વારા જમીનની ફળદ્રુપતા વધારવા અને જમીનને જીવંત કરવાના ઉત્તમ હેતુથી સરકારશ્રી દ્વારા સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન દ્વારા પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપવામા આવી રહ્યુ છે. સરકારશ્રી દ્વારા સમગ્ર ખેડૂતમિત્રોને પાકૃતિક ખેતીની સાથે વર્ષો પહેલાથી ચાલી આવતી ખેતીની પધ્ધતીઓની પણ સમજણ પુરી પાડવામા આવે છે. ત્યારે પ્રકૃતિના ખોળે વસતા આદિવાસી ખેડૂતમિત્રો હજી પણ આ પધ્ધતીને અપનાવીને ખેતી કરે છે. આ ખેડૂતોની ખેતી કરવાની પધ્ધતિ કઈક અલગ જોવા મળતી હોય છે. જે ચોમાસાની ઋતુમાં ખેતી કરીને આત્મનિર્ભર બનતા હોય છે. જે ખેતીના માધ્યમથી ખેડૂતો ૧૨ મહિના સુધી અનાજ સંગ્રહ કરી પોતાનુ ગુજરાન ચલાવતા હોય છે. પ્રિ-મન્સુન પહેલા થતી તૈયારી સાત-આઠ મહિના પહેલાથી જ ખેડૂતો ગાય-ભેંસના છાણને ભેગુ કરતા હોય છે. અને વાડામાં સંગ્રહ કરી મુકે છે. અને મોન્સુન પહેલા ખેતરમાં ખાતર તરીકે ઉપયોગ કરતા હોય છે. આ સગ્રહ કરેલ છાણની સાથે વિવિધ પ્રકારના ઝાડના સુકા પાંદડા અને ડાળીઓ ભેગી કરી યોગ્ય માત્રામા જમીનમા નાખવામા આવે છે ત્યારબાદ વરસાદ આવતાની સાથે એમાં બીયારણ નાખવામા આવતુ હોય છે. આ બિયારણમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કર્યા વગર એ ધરુને ઉગાડવામા આવે છે.

# પોરબંદર-કાનાલુસ સેક્શનમાં ભારે વરસાદને કારણે પાણી ભરાવાના કારણે પોરબંદરથી દોડતી ટ્રેનોને અસર થશે

। અમદાવાદ, તા.૧૯ ।

વેસ્ટર્ન રેલવે ભાવનગર ડિવિઝનના પોરબંદર-કાનલુસ સેક્શનમાં ભારે વરસાદ અને પાણી ભરાવાના કારણે પોરબંદર સ્ટેશનથી દોડતી અને પોરબંદર સ્ટેશન જતી ટ્રેનોને અસર થઈ છે, જેની વિગતો નીચે મુજબ છેઃ

**રીશેડ્યુલ કરેલ ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૧૨૯૪૯ પોરબંદર-સાંતરાગાછી સુપરફાસ્ટ ટ્રેન ૧૯.૦૭.૨૦૨૪ના રોજ તેના નિર્ધારિત સમય સવારે ૯.૧૦ વાગ્યાના બદલે ૬ કલાક મોડી એટલે કે ૧૫.૧૦ કલાકે ઉપડશે.

૨. ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ટ્રેન ૧૯.૦૭.૨૦૨૪ ના રોજ તેના નિર્ધારિત સમય ૧૦.૩૦ કલાકને બદલે ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી ૧૧.૩૦ કલાકે ઉપડશે.

**શોર્ટ ટર્મિનેટ/શોર્ટ ઓરિજિનેટ/ આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ટ્રેન ૧૯.૦૭.૨૦૨૪ ના રોજ જેતલસર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આમ આ ટ્રેન જેતલસર-પોરબંદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૧૯૫૭૨ પોરબંદર-રાજકોટ એક્સપ્રેસ ટ્રેન ૧૯.૦૭.૨૦૨૪ ના રોજ પોરબંદરને બદલે જેતલસર સ્ટેશનથી ચાલશે. આમ આ ટ્રેન પોરબંદર-જેતલસર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૨૦૯૩૮ દિલ્હી સરાઈ રોહિલ્લા-પોરબંદર એક્સપ્રેસ ટ્રેન ૧૯.૦૭.૨૦૨૪ ના રોજ ભાણવડ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.

સંપૂર્ણપણે રદ ટ્રેનો

૧. ટ્રેન નંબર ૦૯૫૫૦/૦૯૫૪૯ પોરબંદર-ભાણવડ-પોરબંદર ટ્રેનો ૧૯.૦૭.૨૦૨૪ ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૦૯૫૬૫/૦૯૫૬૮ પોરબંદર-ભાવનગર-પોરબંદર ટ્રેનો ૧૯.૦૭.૨૦૨૪ ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૦૯૫૧૬/૦૯૫૧૫ પોરબંદર-કાનાલુસ-પોરબંદર ટ્રેનો ૧૯.૦૭.૨૦૨૪ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે.

રેલવે પ્રશાસન મુસાફરોને થઈ રહેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કરે છે. આ ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# રૂા.૩.૨૭ કરોડના ખર્ચે નવનિર્મિત 'ગુજરાત હાઉસિંગ બોર્ડ કનકપુર પ્રાથમિક શાળા'ના નવા મકાનનું લોકાર્પણ કરતા ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ

## સચીન વિસ્તારના પ્રરપ્રાંતીય પરિવારના બાળકો માટે કનકપુર પ્રાથમિક શાળા શિક્ષણ માટે ઉપયોગી બની છે : સંદિપભાઈ દેસાઈ



। (માહિતી) સુરત, તા.૧૯ ।

સુરત મહાનગરપાલિકા વિસ્તારના ઉધના ઝોન-બી (કનકપુર) ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત 'ગુજરાત હાઉસિંગ બોર્ડ કનકપુર પ્રા.શાળા ક્રમાંક-૩૬૮'ના રૂા.૩.૨૭ કરોડના ખર્ચે નવનિર્મિત આધુનિક સુવિધાઓથી સજ્જ નવા મકાનનું ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી અને ડે.મેયર ડૉ.નરેન્દ્રભાઈ પાટીલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ૧૯૯૫થી કનકપુર પ્રા.શાળા કાર્યરત છે. શાળામાં કોઈપણ જાતના ભેદભાવ વિના પ્રરપ્રાંતીય પરિવારના બાળકો પણ અભ્યાસ કરી રહ્યા છે, બહારથી આવી સચીન વિસ્તારમાં વસવાટ કરી રહેલા પ્રરપ્રાંતીય પરિવારોના બાળકો માટે આ શાળા શિક્ષણનું માધ્યમ બની છે. સમયની સાથે શાળામાં બદલાવ કરતા હવે શાળામાં સ્માર્ટ કલાસ, કમ્પ્યુટર રૂમ, પ્લે ગાઉન્ડ, ફાયર સાધનો જેવી અનેક આધુનિક સુવિધાઓ ઉભી કરી છે, જેનાથી બાળકોનો સર્વાંગી વિકાસ થશે. ગરીબ પરિવારનાબાળકોનેસ્માર્ટશિક્ષણમળશે,જેમાંસુરત મનપાના પણ મહત્વના યોગદાન અને શહેરમાં શિક્ષણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકાસાવવાના પ્રયાસોનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. વધુમાં શ્રી દેસાઈએ જણાવ્યું કે, મનપામાં સચીનનો સમાવેશ થતા આ વિસ્તારમાં પાયાની જરૂરિયાતો-સુવિધાઓ પૂરી થવા પામી છે. રોડ-રસ્તા, સિંચાઈ, આરોગ્ય, પીવાના પાણી, વિજળી, ગેસ કનેક્શન જેવા લોકપ્રશ્નોનું નિરાકરણ થયું છે. અગાઉ અહીં પીવાના પાણીની સમસ્યા હતી, જેનું પાલિકા તંત્રએ સુખદ નિરાકરણ કર્યું છે અને પૂરતા પ ાણીની સગવડ આપી રહી છે. આ પ્રસંગે મેયરશ્રી દક્ષેશભાઈ મેવાણીએ જણાવ્યું કે, શાળાનું નવું મકાન સંપૂર્ણ આધુનિક સુવિધાઓથી સજ્જ છે, ત્યારે આ સંકુલમાં અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકિર્દીનું ઘડતર કરશે. ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ મળ્યા બાદ બાળક જીવનમાં ક્યારેય પાછળ નહીં રહે એમ જણાવીને ઉપસ્થિત સૌ બાળકોને ઉજ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયા, દંડક ધર્મેશ વાણિયાવાલા, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, ઈ.શાસનાધિકારી મેહુલ પટેલ, કોર્પોરેટરો, સમાજ અગ્રણીઓ, મનપાના કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લાના ધ ફસ્ટ ડિસ્ટ્રીક્ટ ચર્ચ ઓફ ધ બ્રધરેનના સન્ડે સ્કુલ વિભાગ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

। (માહિતી) સુરત, તા.૧૯ ।

ડાંગ જિલ્લાના ધ ફસ્ટ ડિસ્ટ્રીક્ટ ચર્ચ ઓફ ધ બ્રધરેન દ્વારા તા.૧૭ જુલાઇ ૨૦૨૪ ના રોજ સન્ડે સ્કુલ વિભાગ દ્વારા ચર્ચ કમ્પાઉન્ડ તેમજ આહવાની મિશન કોલોનીમાં વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભવિષ્યમાં વૃક્ષો થકી બાળકોને ઝાડની શીતળ છાયા મળી રહે, તેમજ શુદ્ધ હવા મળે તેવા શુભ આશયથી ચર્ચના આગેવાનો તેમજ ખ્રિસ્તી સમાજના બાળકો દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્ર્મ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળીના પાલક શ્રી વિપુલભાઈ ઠાકોર, તેમજ મંડળીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વૃક્ષારોપણ માટે છોડવાઓની વ્યવસ્થા કરનાર લવચાલી રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રીમતી સોનલબેન એમ પટેલનો મંડળીએ આભાર વ્યક્ત કર્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથી તમે ખુશ થશો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂર નહીં રહે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે સવારથી તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપ ાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.

**કર્ક (ડ,હ) :**
આજે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. રોમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમ જીવન આશા લાવશે. કામના સ્થળે તમારી કાર્યકુશળતા વધારવા માટે તમારી આવડતનું સ્તર ઊંચું લાવો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ષ રાખવી જોઈએ। પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે। યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. આજે કાર્ય ક્ષેત્ર માં ઘર ની કોઈ બાબત ને લીધે તમારી ઉર્જા ઓછી રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારા પ્રિયપાત્રની બાહોંમાં તમને આરામ મળશે. મિત્રો તમારા પર વખણની વર્ષા કરશે કેમ કે તમે મુશ્કેલ કાર્ય પૂરૂં કરી શક્યા છો.

## ન્યૂઝ બ્રિફ

### લોકસભા અધ્યક્ષે બિઝનેસ એડવાઇઝરી કમિટીની રચના કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

સંસદનું ચોમાસુ સત્ર આવતા સપ્તાહથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર દરમિયાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટમાં સુધારા સહિત છ નવા બિલ રજૂ કરવામાં આવશે. ફાઈનાન્સ બિલ ઉપરાંત, સરકારે ૧૯૩૪ના એરક્રાફ્ટ એક્ટને બદલવા માટે ભારતીય એરક્રાફ્ટ બિલ ૨૦૨૪ને પણ સૂચિબદ્ધ કર્યું છે.ગુરુવારે સાંજે લોકસભા સચિવાલય દ્વારા જારી કરાયેલા સંસદ બુલેટિનમાં બિલોની યાદી પ્રકાશિત કરવામાં આવી હતી. ચોમાસુ સત્ર ૨૨મી જુલાઈથી શરૂ થશે અને ૧૨મી ઓગસ્ટ સુધી ચાલશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૨૩ જુલાઈ, મંગળવારે કેન્દ્રીય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. અત્યાર સુધીની માહિતી મુજબ સરકાર ચોમાસુ સત્રમાં છ બિલ રજૂ કરશે.સત્ર દરમિયાન સૂચિબદ્ધ અન્ય બિલોમાં ફાઈનાન્સ બિલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, બોઈલર્સ બિલ, ઈન્ડિયન એરક્રાફ્ટ બિલ, કોફી પ્રમોશન એન્ડ ડેવલપમેન્ટ બિલ અને રબર પ્રમોશન એન્ડ ડેવલપમેન્ટ બિલનો સમાવેશ થાય છે. સત્રમાં અનુદાનની માંગ પર ચર્ચા અને મતદાન થશે. આ સિવાય વિનિયોગ બિલ પસાર કરવામાં આવશે. જમ્મુ-કાશ્મીરના બજેટ પર પણ ચર્ચા થશે અને બજેટ પસાર કરવામાં આવશે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સંસદીય કાર્યસૂચિ નક્કી કરવા માટે બિઝનેસ એડવાઈઝરી કમિટી (BAC) ની રચના કરી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલા આ સમિતિના અધ્યક્ષ છે. વિવિધ પક્ષોના ૧૪ સાંસદો નોમિનેટ થયા છે.

### શું રત્ન ભંડારના અંદરના ભાગમાં કોઈ રહસ્યમય ટનલ છે..!

। (એજન્સી) ઓડિશા, તા.૧૯ ।

ઓડિશાના પુરીમાં શ્રી જગન્નાથ મંદિરના રત્ન ભંડારની અંદરની ચેમ્બરમાં સુરંગ અંગેનું રહસ્ય હજુ પણ ચાલુ છે. આવી સ્થિતિમાં, ગજપતિ મહારાજ દિવ્ય સિંહ દેબે સૂચન કર્યું કે પુરાતત્વ વિભાગ તેની તપાસ માટે આધુનિક તકનીકનો ઉપયોગ કરી શકે છે. દેબે આ વાતો રત્ના ભંડારની અંદરની ચેમ્બરમાં સુરંગ અથવા ગુપ્ત ચેમ્બરની સંભાવના પર કહી હતી.એજન્સીના જણાવ્યા અનુસાર, ઘણા સ્થાનિક લોકોનું માનવું છે કે મંદિરના રત્ન ભંડારના અંદરના ચેમ્બરમાં એક ગુપ્ત સુરંગ છે. આ અંગે દિવ્ય સિંહ દેબે કહ્યું કે ASI અનામતની સ્થિતિ જાણવા માટે લેસર સ્કેનિંગ જેવા અદ્યતન સાધનોનો ઉપયોગ કરી શકે છે. આવી ટેક્નોલોજી વડે ટનલ જેવા હાલના કોઈપણ માળખા વિશે માહિતી મેળવી શકાય છે.જો કે, સુપરવાઈઝરી કમિટીના અધ્યક્ષ અને ઓરિસ્સા હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ વિશ્વનાથ રથે કહ્યું કે જ્યારે અમે રત્ન ભંડારની અંદરની ચેમ્બરમાં ગયા અને તેનું નિરીક્ષણ કર્યું ત્યારે અમને સુરંગનો કોઈ પુરાવો મળ્યો ન હતો. રથે લોકોને આ વિષય પર ખોટી માહિતી શેર કરવાનું ટાળવા વિનંતી કરી.તમને જણાવી દઈએ કે વિશ્વનાથ રથ અન્ય દસ સભ્યો સાથે સાત કલાકથી વધુ સમય સુધી રત્ના ભંડારના અંદરના રૂમમાં રોકાયા હતા.

### કોર્ટે લગાવ્યો ૪.૫ લાખનો દંડ

# ઇટાલિયન પત્રકારે પ્રધાનમંત્રી મેલોનીની ઊંચાઈની મજાક ઉડાવી

### કોર્ટેસે ગુરુવારે ઠ પર લખ્યું, 'ઇટાલિયન સરકારને પત્રકારત્વમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા અને અસંમતિ સાથે ગંભીર સમસ્યા છે'

। (એજન્સી) રોમ, તા.૧૯ ।

ઈટાલીમાં દેશના વડાપ્રધાનની મજાક ઉડાવવા બદલ કોર્ટે મહિલા પત્રકાર પર ભારે દંડ ફટકાર્યો છે. મિલાન કોર્ટે એક પત્રકારને સોશિયલ મીડિયા પર ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની મજાક ઉડાવવા બદલ ૫૦૦૦ યુરો (રૂ. ૪,૫૫,૫૬૯) નું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. સમાચાર એજન્સીઓ અને અન્ય સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં આ માહિતી આપવામાં આવી છે.આ સિવાય મેલોનીની ઊંચાઈને લઈને ઓક્ટોબર ૨૦૨૧માં કરવામાં આવેલી ટ્વિટ માટે પત્રકાર જિયુલિયા



કોર્ટેસ પર ૧૨૦૦ યુરો (૧૦૯૩૩૬ રૂપિયા)નો સસ્પેન્ડેડ દંડ પણ લગાવવામાં આવ્યો છે. આ ટ્વીટને 'બોડી શેમિંગ' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી હતી.કોર્ટના નિર્ણય પર, કોર્ટેસે ગુરુવારે એક્સ પર લખ્યું, 'ઈટાલિયન સરકારને પત્રકારત્વમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા અને અસંમતિ સાથે ગંભીર સમસ્યા છે.' ત્રણ વર્ષ પહેલા સોશિયલ મીડિયા પર બંને વચ્ચે વિવાદ થયા બાદ મેલોનીએ પત્રકાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.ઈટાલીની પાર્ટી મેલોની બ્રધર્સ તે સમયે વિરોધમાં હતી. મેલોનીએ વાંધો ઉઠાવ્યો હતો જ્યારે કોર્ટેસે તેનો નકલી ફોટો પોસ્ટ કર્યો હતો જેમાં તેની પૃષ્ઠભૂમિમાં ફાશીવાદી નેતા બેનિટો મુસોલિનીની તસવીર હતી. અન્ય એક ટ્વિટમાં કોર્ટેસે લખ્યું, 'મને જ્યોર્જિયા મેલોનીને ડરાવશો નહીં. તમે માત્ર ૪ ફૂટ ઊંચા છો. હું તમને જોઈ પણ શકતો નથી.'કોર્ટેસ આ સજા સામે અપીલ કરી શકે છે. મેલોનીના વકીલે કહ્યું કે વડા પ્રધાન દંડ તરીકે મળેલી રકમ ચેરિટીમાં દાન કરશે.


### 'આગામી રાષ્ટ્રપતિ કેટલું મોટું હૃદય છે...'

# પુત્રએ રિપબ્લિકન સંમેલનમાં ડોનાલ્ડ ટ્રમ્પની પ્રશંસા કરી

### પેન્સિલવેનિયાના બટલર શહેરમાં ૭૮ વર્ષીય પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતા

। (એજન્સી) અમેરિકા, તા.૧૯ ।

ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રનું કહેવું છે કે તેના પિતાની જન્મજાત બુદ્ધિએ વિશ્વને બતાવ્યું છે કે "અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ કેવા સિંહ-હૃદયના માણસ છે." રિપબ્લિકન પાર્ટીનું સંમેલન મિલવૌકી, વિસ્કોન્સિનમાં ચાલી રહ્યું છે, જ્યાં ટ્રમ્પને પાર્ટી દ્વારા સત્તાવાર રીતે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં ટ્રમ્પના પરિવારે પણ હાજરી આપી હતી. ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયરે જણાવ્યું હતું કે તેમના પિતા પર શનિવારનો જીવલેણ હુમલો "એક સમયે અકલ્પ



નીય લાગતો હતો, પરંતુ તે એક ભયંકર વાસ્તવિકતા બની ગઈ છે." પેન્સિલવેનિયાના બટલર શહેરમાં ૭૮ વર્ષીય ટ્રમ્પ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ટ્રમ્પ આ હુમલામાંથી બચી ગયા હતા. શૂટરે તેના પર ઘણી ગોળીઓ ચલાવી હતી, જેમાંથી એક ટ્રમ્પના જમણા કાનમાં વીંધી હતી.ડોનાલ્ડ ટ્રમ્પની રેલીમાં થયેલા ફાયરિંગમાં એક વ્યક્તિનું મોત થયું હતું, જે પોતાના પરિવારને ગોળીઓથી બચાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ ઘટનામાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માત બાદ ટ્રમ્પને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે સ્પષ્ટતા કરી હતી કે તેમને કોઈ ગંભીર ઈજા થઈ નથી, બીજા દિવસે ટ્રમ્પ મિલવૌકી પહોંચ્યા, જ્યાં પાર્ટીનું સંમેલન ચાલી રહ્યું છે. ટ્રમ્પ જુનિયરે કહ્યું કે તે ક્ષણમાં, તેમના પિતાએ "માત્ર તેમનું પાત્ર જ દર્શાવ્યું ન હતું, તેમણે અમેરિકાનું પાત્ર બતાવ્યું હતું જ્યારે તેઓ તેમના ચહેરા પર લોહી અને પીઠ પર ધ્વજ સાથે ઉભા હતા. વિશ્વને સોની લાગણી અનુભવી હતી જે ક્યારેય ન હોઈ શકે.



નવી દિલ્હીમાં JLN સ્ટેડિયમ ખાતે KIRTI (ખેલો ઈન્ડિયા રાઈઝિંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન) કાર્યક્રમના બીજા તબક્કાના લોન્ચિંગ દરમિયાન યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયા ખેલાડીઓ સાથે વાર્તાલાપ કરી રહ્યા છે.

### 'ભીડને લાગ્યું કે હું મરી ગયો છું...'

## ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીના સંમેલનમાં થયેલા હુમલાને યાદ કર્યો

### પેન્સિલવેનિયામાં થયેલા ઘાતક હુમલાનું વર્ણન કરતાં ટ્રમ્પે કહ્યું કે હું ઘણો ભાગ્યશાળી વ્યક્તિ છું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

અમેરિકાના મિલવૌકીમાં રિપબ્લિકન પાર્ટીના સંમેલનમાં પહોંચ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાવાર રીતે પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી સ્વીકારી હતી. પેન્સિલવેનિયામાં થયેલા ઘાતક હુમલાનું વર્ણન કરતાં ટ્રમ્પે કહ્યું કે હું ઘણો ભાગ્યશાળી વ્યક્તિ છું. હું એ હુમલામાંથી બચી ગયો કારણ કે ભગવાન મારી સાથે હતા. પરંતુ રેલીમાં હાજર લોકોને લાગ્યું કે હું મરી ગયો છું. જેના કારણે સતત ગોળીબાર વચ્ચે કોઈ ભાગી શક્યું ન હતું.ટ્રમ્પે કહ્યું કે આવા હુમલાઓ ઘણીવાર નાસભાગમાં પરિણમે છે. પરંતુ ત્યાં આવું બન્યું નહીં. ભગવાન અમારી સાથે હતા.પેન્સિલવેનિયામાં થયેલા હુમલાને યાદ કરતાં ટ્રમ્પે કહ્યું કે જ્યારે તેમના પર ગોળી વાગી હતી. મેં મારી જાતને પૂછ્યું કે આ શું છે? હું ઝડપથી સમજી ગયો કે તે માત્ર એક ગોળી હતી. મેં મારા કાન પર હાથ મૂક્યો અને તરત જ નીચે ઝૂકી ગયો. ત્યાં માત્ર લોહી હતું. બધે લોહી હતું. મને ખબર હતી કે અમારા પર હુમલો થયો છે. સતત ગોળીબાર થતો હતો. સિક્રેટ સર્વિસના એજન્ટો તરત જ મને બચાવવા દોડ્યા. પણ ભગવાન મારી સાથે હતા એટલે હું બચી ગયો.ટ્રમ્પે કહ્યું કે તેઓ સિક્રેટ સર્વિસ એજન્ટો વચ્ચે સુરક્ષિત અનુભવે છે. પરંતુ ટોળાએ વિચાર્યું કે હું મરી ગયો છું. આ કારણે તેઓ ત્યાંથી ખસ્યા નહીં. જો પ્રથમ ગોળી ચલાવવામાં આવે તે પહેલાં હું તરત જ ન ફર્યો હોત તો ગોળી સીધી મારા માથામાં વાગી હોત અને આજે હું તમારી વચ્ચે ન હોત. ત્યાં હાજર લોકો મારી સાથે હતા. તેણે તરત જ સ્નાઈપરને ઓળખી લીધો. નાસભાગ મચી ન હતી. અનેક લોકોના જીવ બચી ગયા. પરંતુ એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. આ દરમિયાન ટ્રમ્પે પેન્સિલવેનિયામાં માર્યા ગયેલા વ્યક્તિ કોરી કોમ્પારેટોર માટે એક મિનિટનું મૌન પાળવાનું કહ્યું. ટ્રમ્પે કહ્યું કે હું તમને બધાને અમારા મિત્ર કોરીની યાદમાં એક મિનિટનું મૌન પાળવા કહું છું. બીજા માટે પોતાનો જીવ આપવાથી શ્રેષ્ઠ બીજું કંઈ નથી. આ ગુણવત્તા આ અંધકારમય સમયમાં અમેરિકાને એક કરવાનું કામ કરે છે.મિલવૌકીમાં રિપબ્લિકન નેશનલ કન્વેન્શનને સંબોધિત કરતા ટ્રમ્પે કહ્યું કે આજથી ચાર મહિના બાદ અમે એક મહાન વિજય હાંસલ કરીશું. હું અડધા અમેરિકાનો નહીં પણ આખા અમેરિકાનો પ્રમુખ બનવા જઈ રહ્યો છું. તેથી, આજે હું સંપૂર્ણ આત્મવિશ્વાસ અને ગર્વ સાથે અમેરિકાના રાષ્ટ્રપતિ પદ માટેની ઉમેદવારી સ્વીકારું છું.તેમણે કહ્યું કે હું આજે તમારી સમક્ષ વિશ્વાસ, શક્તિ અને આશાના સંદેશ સાથે ઉભો છું. અમે શાનદાર જીત મેળવવા જઈ રહ્યા છીએ અને આગામી ચાર વર્ષ શાનદાર રહેવાના છે. આપણે સાથે મળીને દેશના દરેક ધર્મ, જાતિ, જાતિ, રંગ અને વર્ગ માટે સુરક્ષા, સમૃદ્ધિ અને સ્વતંત્રતાના નવા યુગની શરૂઆત કરીશું.

### હવે ઉદ્ધવની પાર્ટી જાહેરમાં દાન મેળવી શકશે

# ચૂંટણી પંચ દ્વારા શિવસેના (UBT)ને મોટી રાહત આપી

### પાર્ટીના મહાસચિવ સુભાષ દેસાઈના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ પણ ગુરુવારે કમિશનને મળ્યું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

ચૂંટણી પંચે ગુરુવારે શિવસેના પાર્ટીને સરકારી કંપનીઓ સિવાય વ્યક્તિઓ અને કંપનીઓ પાસેથી જાહેર દાન સ્વીકારવાની મંજૂરી આપી હતી. પાર્ટીના મહાસચિવ સુભાષ દેસાઈના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ પણ ગુરુવારે કમિશનને મળ્યું હતું.મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે ઉદ્ધવ ઠાકરેની પાર્ટીને મોટી રાહત આપી છે. પંચે ગુરુવારે શિવસેના (UBT) પક્ષને જાહેર દાન સ્વીકારવાની મંજૂરી આપી હતી. ઉદ્ધવની પાર્ટીની માંગ સ્વીકારવાના થોડા દિવસો પહેલા, પંચે એનસીપી (એસપી)ની સમાન માંગ સ્વીકારી હતી.પંચ દ્વારા ગુરુવારે જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ 29B અને કલમ 29C હેઠળ સરકારી કંપની સિવાયની કોઈપણ વ્યક્તિ અથવા કંપની દ્વારા ઉદ્ધવ ઠાકરેની પાર્ટીને આપવામાં આવેલ કોઈપણ સ્વૈચ્છિક દાન લઈ શકે છે. રકમ.શિવસેના (UBT) એ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને જાહેર દાન તરીકે નાણાં સ્વીકારવાની ચૂંટણી પંચને માંગ કરી હતી. પાર્ટીના મહાસચિવ સુભાષ દેસાઈના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ પણ ગુરુવારે કમિશનને મળ્યું હતું. અગાઉ, ચૂંટણી



પંચે NCP (SP) પાર્ટીને જાહેર યોગદાન સ્વીકારવાની મંજૂરી આપી હતી.ગયા વર્ષે ફેબ્રુઆરીમાં, ચૂંટણી પંચે એકનાથ શિંદેની આગેવાની હેઠળના જૂથને વાસ્તવિક શિવસેના તરીકે માન્યતા આપી હતી અને પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવની આગેવાની હેઠળની હરીફ છાવણીને મોટો હાથ આપતાં તેને "ધનુષ અને તીર" ચૂંટણી ચિન્હ ફાળવવાનો આદેશ આપ્યો હતો. એક આંચકો હતો. ઠાકરેના પિતા બાળ ઠાકરેએ ૧૯૬૬માં પાર્ટીની સ્થાપના કરી હતી.

### ઘણા મોટા નેતાઓ પણ કેન્દ્રીય સમિતિમાંથી બહાર

# ચીનના વિદેશ મંત્રી 'કિન ગેંગ'નું રાજીનામું સ્વીકાર્યું

### ભ્રષ્ટાચાર અને પક્ષની શિસ્ત ભંગ કરવાને કારણે ઘણા સભ્યો સેન્ટ્રલ કમિટિમાંથી બહાર ફેંકાઈ ગયા હતા

। (એજન્સી) ચીન, તા.૧૯ ।

ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીએ ગુરુવારે તેની સેન્ટ્રલ કમિટિમાંથી બરતરફ કરાયેલા વિદેશ મંત્રી 'કિન ગેંગ'નું રાજીનામું સ્વીકારી લીધું છે. આ સિવાય પાર્ટીએ પૂર્વ રક્ષા મંત્રી લી શાંગફુ અને અન્ય બે ટોચના નેતાઓને હટાવવાનું પણ સમર્થન કર્યું હતું. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, ગુરુવારે પાર્ટી દ્વારા આયોજિત એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.કોમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા આયોજિત આ ચાર દિવસીય બેઠકમાં કોમરેડ કિન ગેંગનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું. ગયા વર્ષે, 'કિન' વિદેશ પ્રધાન હતા ત્યારે અચાનક ગાયબ થઈ ગયા હતા, ત્યારબાદ તેમને આ પદ પરથી હટાવવામાં આવ્યા હતા. જો કે, તેને શા માટે હટાવવામાં આવ્યો તેનું સ્પષ્ટ કારણ હજુ સુધી જાહેર થયું નથી અને ન તો તે જાણી શકાયું છે કે 'કિન' આ દિવસોમાં ક્યાં છે.આ સિવાય આ નિર્ણય પછી પણ કમિટી તેમને કામરેજ તરીકે જ જુએ છે. પાછળથી, કિનને તેના પુરોગામી વાંગ યી દ્વારા બદલવામાં આવ્યો. જેઓ ઉચ્ચ સ્તરીય સભ્યો છે.અગાઉ 'કિન'ને પણ સ્ટેટ કાઉન્સિલરના પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. આ સિવાય 'ક્વિન'ને ચીનની સંસદ નેશનલ પીપલ્સ



કોંગ્રેસના સભ્ય પદ પરથી રાજીનામું આપવાની પણ મંજૂરી આપવામાં આવી હતી. આ ત્રીજી વિગતવાર બેઠકમાં જનરલ લી શાંગફુ અને પીપલ્સ લિબરેશન આર્મીના અન્ય બે વરિષ્ઠ જનરલ 'લી યુચાઓ' અને 'સન જિનમિંગ'ને પાર્ટીમાંથી હાંકી કાઢવાના નિર્ણયને પણ સમર્થન આપવામાં આવ્યું હતું.'લી શાંગફૂ' જે અગાઉ ચીનના સંરક્ષણ પ્રધાન હતા અને તેમના પર ભ્રષ્ટાચારનો આરોપ હતો. જે બાદ શાંગફુને રક્ષા મંત્રી પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા.

રક્ષા મંત્રી બનતા પહેલા શાંગફુ દેશના રોકેટ (મિસાઈલ) ફોર્સનું નેતૃત્વ કરતા હતા. તેની સાથે 'લી ચિંગ-યુન'ને બરતરફ કરવામાં આવ્યો હતો. જે લી શાંગફુની સાથે રોકેટ (મિસાઈલ) ફોર્સના સભ્ય હતા.

## વિશેષ

### પોતાના ગામમાં પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ વધારેમાં વધારે ખેડૂતો અપનાવે તે માટે દશરથભાઈ પ્રયત્નશીલ

# ધોળકા તાલુકાના કલ્યાણપુર ગામના ખેડૂત દશરથભાઈ મકવાણા પોતાના ગામમાં બન્યા પ્રાકૃતિક ખેતીના પ્રણેતા

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કલ્યાણપુર ગામના ખેડૂત શ્રી દશરથભાઈ મકવાણા પાસે ૧૫ વીઘા જમીન છે. તેઓ હંમેશાથી પોતાના ખેતરમાં રાસાયણિક ખેતી કરતા હતા. દશરથભાઈ એક દિવસ પોતાના મિત્રો સાથે બાવળા તાલુકાની પ્રાકૃતિક ખેતીની શ્રી સુભાષ પાલેકરની તાલીમમાં સહભાગી થયા હતા. ત્યારબાદ તેમણે આત્મા દ્વારા આયોજિત પ્રાકૃતિક ખેતીની ઘણી તાલીમમાં ભાગ લીધો હતો અને તેઓ પ્રાકૃતિક કૃષિથી પ્રેરિત થયા હતા.

દશરથભાઈ પાસે ૧૫ વીઘા જમીન છે. આ જમીનમાં તેઓ રાસાયણિક ખેતી દ્વારા વિવિધ પાક લેતા હતા. પ્રાકૃતિક કૃષિને સમજ્યા બાદ તેઓએ ૨ થી ૩ વીઘા જેટલી જમીનમાં પ્રાકૃતિક ખેતીથી પાક લેવાની શરૂઆત કરી હતી. તેઓ ગાય દ્વારા ઉત્પાદિત ઘનજીવામૃત અને જીવામૃતનો ઉપયોગત કરીને પ્રાકૃતિક ખેતી કરે છે. તેઓ પ્રાકૃતિક ખેતી દ્વારા ડાંગર અને શાકભાજી જેવા પાક લે છે. પ્રાકૃતિક ખેતી દ્વારા દશરથભાઈ હળદર, ચોખા, તુવેર; જ્યારે શાકભાજીમાં ગવાર તથા ભીંડા જેવા મિશ્રપાકનું પણ ઉત્પાદન કરે છે. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત થયેલા શાકભાજીને દશરથભાઈ પોતાના ગામમાં જ વેચે છે. પ્રાકૃતિક ખેતી દ્વારા દશરથભાઈને એક સીઝન દીઠ અંદાજિત રૂ. ૪૦,૦૦૦નો નફો મળી રહે છે.



દશરથભાઈના મત પ્રમાણે પ્રાકૃતિક ખેતીમાં હાલની પરિસ્થિતિમાં નફો નુકસાનની ચિંતા કર્યા વગર લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદા સમજાવવાનું વધારે મહત્વનું છે. તેઓ પોતાના ગામના લોકોને તથા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ફાયદા સમજાવીને સૌ પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટેના પ્રયત્નો કરી રહ્યા છે. આ ખેડૂતોને દશરથભાઈ પ્રાકૃતિક ખેતી કરતા પણ શીખવી રહ્યા છે. આત્મા દ્વારા થતી શિબીરોમાં ભાગ લઈને કલ્યાણપુર ગામના દશરથભાઈ મકવાણાએ કુલ છ થી સાત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરિત કર્યા છે. તેમાંથી ત્રણ જેટલા ખેડૂતો હાલમાં પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. આરોગ્ય પર થતી રાસાયણિક ખાતરની અસર કે અન્ય રોગો ઓછા કરી શકાય છે.

દશરથભાઈના કહેવા પ્રમાણે પ્રાકૃતિક ખેતી એ આજના સમયની માંગ છે. રાસાયણિક ખાતરો દ્વારા જમીન અને પ્રકૃતિ ઉપર આડઅસરો ઊભી થાય છે. પ્રાકૃતિક ખેતી દ્વારા જમીન અને આરોગ્ય ઉપર થતી આ પ્રકારની આડઅસરો ઘટાડી શકાય છે. રાસાયણિક ખેતીની શરૂઆત તો ખૂબ જ નજીકના ભૂતકાળમાં થઈ હતી. આ પહેલા માનવજાત દ્વારા પ્રાકૃતિક ખેતી ઉપર જ નિર્ભર રહીને વિવિધ પ્રકારની ખેતી કરવામાં આવતી હતી. રાસાયણિક ખેતી આજના જમાનાની જરૂરિયાત છે, પરંતુ તેનો અતિરોધ કર્યા વગર પ્રાકૃતિક ખેતીને વેગ આપવા આપણે સૌએ પ્રયત્નશીલ રહેવું જોઈએ. પ્રાકૃતિક ખેતીની શરૂઆત પોતાના કુટુંબથી જ કરવી જોઈએ એમ તેમનું માનવું છે.

**ન્યૂઝ બ્રિફ**

## વડોદરામાં ફાયર બ્રિગેડના વાહનનો અકસ્માત સર્જાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરામાં ડભોઈ રોડથી ગણેશ નગર તરફ જવાના રસ્તા પર આજે બપોરે ફાયર બ્રિગેડનું વાહન પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જોકે, સદનસીબે મોપેડ સવાર યુવતીનો બચાવ થયો હતો. ૧૯ જુલાઈ એ બપોરે ૨:૧૫ વાગે રોડ ૫ રથી પસાર થતું હતું ત્યારે ગણેશ નગર ત્રણ રસ્તા પાસે ડાબા હાથે વળાંક લેતા સમયે સ્ટેરીંગ પરનો કાબુ નહીં રહેતા આખું વાહન પલટી ખાઈને રોડની સામેની સાઈડએ ઊંધુ થઈ ગયું હતું. દરમિયાન ત્યાંથી પસાર થતી મોપેડ સવાર યુવતીનું વાહન નીચે ચગદાઈ ગયું હતું પરંતુ યુવતી કૂદી જતા તેનો આબાદ બચાવ થયો હતો. યુવતીને આંગળી પર સાધારણ ઈજા થઈ હતી.

## લગ્નના દોઢ વર્ષમાં માથાકૂટ વધારે થતી હોવાથી હત્યા થઈ

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરતમાં થોડા દિવસો અગાઉ એક મહિલાની હત્યા થઈ હોવાનું સામે આવ્યું હતું. હોટલમાં એડવોકેટ મહિલાની હત્યા થઈ હતી. જો કે, આ હત્યા કોઈ બીજાએ નહીં પરંતુ તેના જ પતિએ કરી હોવાનું સામે આવ્યું હતું. પતિએ હત્યા કર્યા બાદ પોતે પણ ઊંઘની અને ડોલો નામની દવા ખાઈને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આજે હોસ્પિટલમાંથી રજા થતાં પોલીસે આરોપી પતિની ધરપકડ કરી હતી. પાલ વિસ્તારમાં આવેલી હોટલમાં પત્નીની હત્યા કરનાર પતિની ધરપકડ કરાઈ છે. પતિએ પત્નીની હત્યા કર્યા બાદ ૨૪ કલાક લાશ પાસે જ ભાનમાં અને બેભાન હાલતમાં પડ્યો રહ્યો હતો. ધ બુલ ગ્રુપ હોટેલમાં મહિલાની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. મહિલા વકીલાતનો અને તેનો પતિ સીએના અભ્યાસની સાથે વ્યવસાય સાથે સંકળાયેલો હતો.

બાળ દર્દીઓની મુલાકાત લઈ આરોગ્ય પૃચ્છા કરી । હિંમતનગર સિવિલમાં ૧૪ કેસ અત્યાર સુધીમાં નોંધાયા

# રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે હિંમતનગર સિવિલની મુલાકાત લીધી

। (એજન્સી) હિંમતનગર, તા.૧૯ ।

હિંમતનગર GMERS સિવિલ હોસ્પિટલની મુલાકાતે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પહોંચ્યા હતા. જ્યાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કેસોને લઈ અંગે સમીક્ષા કરી હતી. સાબરકાંઠા જિલ્લામાં GMERS સિવિલ હોસ્પિટલની મુલાકાતે પહોંચેલા આરોગ્ય મંત્રીએ બાળ દર્દીઓની મુલાકાત લઈ તેમની આરોગ્ય પૃચ્છા કરી હતી. સિવિલમાં PICU અને વોર્ડમાં સારવાર લઈ રહેલા બાળકના પરિવારજનોની મુલાકાત કરીને ઋષિકેશ પટેલે ક્યારે બાળકોને હોસ્પિટલ લવાયા, કેવા લક્ષણો દેખાયા, હાલ બાળકની તબીયત કેટલી સુધારા પર છે. એવી સામાન્ય બાબતો અંગે ચર્ચા કરી હતી.

આરોગ્ય મંત્રીએ રાજ્યમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં તિરાડ વાળા કાચા મકાનો, આંગણવાડી, શાળા અને તેની આસપાસના વિસ્તારો સહિત ગામમાં ગંદકી ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ



કરવા સૂચનાઓ અપાઈ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું.

રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારો અને શહેરી સ્લમ વિસ્તારોમાં મેલેથિયોન ડસ્ટિંગની અને સ્પ્રેનો છંટકાવ કરવાની ડ્રાઈવ હાથ ધરાઈ છે. કાચા ઘરો છે ત્યાં ખાસ ડસ્ટીંગ અને તીરાડો પુરવાની કામગીરી કરવા માટે તાકીદ કરી હતી. વધુમાં ઋષિકેશ પટેલ એ રાજ્યની પરિસ્થિતિ અંગે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં પુના ખાતે મોકલેલ સેમ્પલમા કુલ સાત ટેસ્ટના પરિણામ આવ્યા છે. સાતમાંથી છ નેગેટિવ છે . એક જ ચાંદીપુરા કેસ હોવાનું કન્ફર્મ થયો છે. સાબરકાંઠા જિલ્લામાં ૮ તાલુકાના ૬૮૫ ગામોમાં ૮૪૪ ટીમો દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં ૫૬ હજાર કાચા મકાનોની આસપાસ સ્પ્રે અને ડ્સ્ટીંગ, તીરાડ પુરવા જેવી કામગીરી શરૂ કરાઈ છે. જિલ્લામાં ૨૦૦ કિ.લો. મેલેથીયોન જથ્થો ડ્સ્ટીંગ કરાયો છે. બીજો ૨૫૦૦ કી.લો. જથ્થો ફાળવવામાં આવ્યો છે. હિંમતનગર સિવિલમાં નોંધાયેલ કેસની વિગત જોવામાં આવે તો વાયરલ એકેફેલાઈટીસ અને ચાંદીપુરાના શંકાસ્પદ ૧૪ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે. જેમાં બે રાજસ્થાન, ચાર અરવલ્લી, એક ખેડા, સાત સાબરકાંઠાનો સમાવેશ થાય છે. જ્યારે મૃત્યુઆંક ૦૬ થયો છે.

ગુજરાતના ખેડૂતો માટે વધુ એક યોજના અમલમાં મૂકાઈ

## કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા રાજ્ય સરકાર ૫૦ ટકા સહાય આપશે

### બાગાયતી પાકોના સંગ્રહ માટે ૫,૦૦૦ મે.ટન મોટા અને ૧૦,૦૦૦ મે.ટન ક્ષમતાના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા સહાય અપાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

રાજ્યના ખેડૂતોને સમૃદ્ધ અને સ્વનિર્ભર બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા એક પછી એક સતત ખેડૂત હિતલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન બાગાયતી પાકોનું વાવેતર અને ઉત્પાદન વધ્યું છે. બાગાયતી ઉપજોનો બગાડ અટકાવવા તેમજ ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકારે નવી યોજના અમલમાં મૂકી છે. રાજ્ય સરકારે બાગાયતી ખેતી કરતા ખેડૂતો પોતાના ઉત્પાદનો સારી રીતે સંગ્રહ કરી શકે તે માટે ૧૦,૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા અંગેની નવી યોજના અમલમાં મૂકી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે યોજના અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં બાગાયતી પાકો માટે કોલ્ડ સ્ટોરેજ વધારવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ૫,૦૦૦ મેટ્રિક ટનથી મોટા અને ૧૦,૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા માટે એકમદીઠ ખર્ચના મહત્તમ ૫૦ ટકા સહાય, મહત્તમ રૂ. ૩૭૯ લાખ સુધીની સહાય આપવામાં આવશે. જે લાભાર્થીઓને ક્રેડીટ લીંક બેક એન્ડેડ સબસીડી તરીકે સહાય ચૂકવવામાં આવશે. આ નવી યોજના માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૫૦ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. બાગાયતી પાકો ખૂબ જ ઝડપથી બગડી જતા હોવાથી, કાપણી પછીના વ્યવથાપન અંતર્ગત પાકનો સંગ્રહ અથવા તેનું મૂલ્યવર્ધન કરવું અતિઆવશ્યક છે.

હજુ સુધી વિદ્યાર્થીઓને યુનિફોર્મ મળ્યા નથી

## સુરત શિક્ષણ સમિતિએ યુનિફોર્મ પાછળ કરેલો અધધ ખર્ચ નકામો

### સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓને બે જોડી યુનિફોર્મ આપવા માટે ૨૫ કરોડની જોગવાઈ કરાઈ

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓને બે જોડી યુનિફોર્મ આપવા માટે ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ અંગેની જાહેરાત બાદ ભાજપે પાલિકા શિક્ષણ સમિતિની સભા સહિત અનેક જગ્યાએ ભારે પ્રસિદ્ધિ મેળવી લીધી છે. પરંતુ હજી સુધી બાળકોને એક જ જોડી ગણવેશ અપાયો છે અને બીજી જોડી આવતા દિવાળી જેટલો સમય આવી જાય તેવી શક્યતા છે. તેથી શિક્ષણ સમિતિએ સમિતિની નબળી કામગીરી સામે વિરોધ કરી ગણવેશ ઝડપથી મળે તેવી માગણી કરી છે. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકોને બે ગણવેશ મળે તેવો નિર્ણય કર્યો હતો. ભાજપે એની જાહેરાત પણ ખુબ કરી, ભાષણ આપ્યા અને ક્રેડિટ લીધી. પણ ગણવેશ નથી મળ્યાનો વિપક્ષનો આક્ષેપ શાળા શરૂ થયાના દોઢ મહિના બાદ પણ એક પણ બાળકને બે જોડી યુનિફોર્મ મળેલ નથી, નવા પ્રવેશ પામેલા બાળકોને તો એક જોડી યુનિફોર્મ પણ મળ્યો નથી તેવો આક્ષેપ વિરોધ પક્ષે કર્યો છે. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં અભ્યાસ કરતાં ૧.૯૦ લાખ બાળકોને બે જોડ ગણવેશ આપવા માટેનો નિર્ણય સુરત પાલિકા- શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે. પરંતુ શાળા શરૂ થયાના દોઢ મહિના કરતાં વધુ સમય થયો હોવા છતાં એક જોડી જ ગણવેશ મળ્યો હોવાની ફરિયાદ સમિતિના વિપક્ષી સભ્ય રાકેશ હિરપરાએ કરી છે. વિપક્ષી સભ્ય હીરપરાએ કહ્યું હતું કે, સતત લડાઈ લડી છે કે બાળકોને બે જોડી યુનિફોર્મ મળવા જ જોઈએ તેવી માંગણી અમે કરી છે.

**રાજ્યના હવામાન વિભાગની વરસાદને લઈ આગાહી**

## રાજ્યમાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી

### ઓફશોર ટ્રફ, શીયર ઝોન અને સાયકલોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થતા વરસાદની આગાહી કરાઈ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

સમગ્ર ગુજરાતમાં મેઘરાજા મહેરબાન થયા છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના હવામાન વિભાગે વરસાદને લઈ આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યમાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે. ઓફશોર ટ્રફ, શીયર ઝોન અને સાયકલોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થતા વરસાદની આગાહી કરાઈ છે. આજે કેટલાક જિલ્લાઓમાં વરસાદને લઈ રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરાઈ છે. જેના કારણે હવામાન વિભાગે રેડ અલર્ટની આગાહી કરી છે. સૌરાષ્ટ્રમાં દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી અને રાજકોટમાં પણ અત્યંત ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. ભારે વરસાદની આગાહીના પગલે આ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

કચ્છ, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ અને ભાવનગરમાં ઓરેન્જ અલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, તાપી અને ડાંગમાં ઓરેન્જ અલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે.

અમદાવાદમાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આણંદ,વડોદરા,પંચમહાલ અને દાહોદમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવતીકાલે પણ રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ભારે વરસાદને પગલે આજે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

પોરબંદર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. પોરબંદર જિલ્લામાં છેલ્લા ૩૦ કલાકમાં ૧૮ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદના પગલે જનજીવન પ્રભાવિત થયું છે.

પોરબંદર જિલ્લાના અનેક ગામડાઓ બેટમાં ફેરવાયા છે. ફાયરવિભાગ દ્વારા પણ અનેક લોકોના રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. દ્વારકાના કલ્યાણપુર પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણ અધિકારીની પહેલ

## ગ્રામ્યના બાળકોને મળશે NEET, JEEનું ફ્રીમાં કોચિંગ

### ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવીને કારકિર્દી બનાવી શકશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણ અધિકારીની બાળકોના ઉચ્ચ અભ્યાસને લઈને એક અનોખી પહેલ જોવા મળી છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવીને સારી કારકિર્દી બનાવી શકે, તે માટે ગ્રામ્ય જિલ્લા શિક્ષણ અધિકારી અને ટાટા મોટર કંપની સાથે મળી વિદ્યાર્થીઓને NEET અને JEE માટે તૈયારી કરાવશે.

કંપનીના સહયોગથી અમદાવાદ ગ્રામ્ય DEO ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે JEE- NEETના ટ્યુશન ઉપલબ્ધ કરાવશે. એન્જિનિયરિંગ અને મેડિકલમાં અભ્યાસ કરવાનું સ્વપ્ન સેવતા વિદ્યાર્થીઓના વાલીઓ લાખો રૂપિયાની ફી ભરીને બાળકોને JEE અને NEETની તૈયારી કરાવે છે. ત્યારે અમદાવાદના જિલ્લા શિક્ષણ અધિકારીએ નવી પહેલ કરી છે. જેમાં વિદ્યાર્થીઓને વિનામુલ્યે JEE અને NEETનું કોચિંગ મળી રહેશે. એક વિદ્યાર્થીએ JEE અને NEETની તૈયારી કરવી હોય તો વાલી તેમના બાળક માટે વાર્ષીક બે થી ચાર લાખ રૂપિયાની ફી ભરે છે. પરંતુ જે બાળક ગ્રામ્ય વિસ્તારમાં રહેતો હોય તો તેવા વિદ્યાર્થીઓ ફી તો દૂરની વાત રહી, પરંતુ કોચિંગ પણ મેળવી શકતા નથી. અને આ જ કારણે અમદાવાદના DEOઓ દ્વારા અનોખી પહેલ કરવામા આવી છે.

મિશન સિદ્રત્વ અંતર્ગત વિદ્યાર્થીઓને વિનામુલ્યે JEE અને NEETનું કોચિંગ આપવામાં આવશે. અમદાવાદ ગ્રામ્યના DEO કૃપાબેન જ્હાએ જણાવ્યું કે, વિજ્ઞાન પ્રવાહમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે હેતુથી નમો સરસ્વતી યોજના સરકાર દ્વારા લાગુ કરવામાં આવી છે અને વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને ધોરણ ૧૧ થી જ JEE અને NEETની તૈયારીઓ કરી શકે, તે માટે પ્રયાસ કરવામા આવ્યો છે.

રખડતા ઢોર અને ભૂવા પડવા મામલે થઈ સુનાવણી

## હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝાટકણી કાઢી

### રસ્તાઓ યોગ્ય રીતે રીપેરીંગની કામગીરીના દાવાઓ કરાય છે તેમ છતાં મસમોટા ભૂવાઓ કેમ પડે છે : કોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ શહેરમાં રખડતા ઢોર અને રસ્તાઓ ઉપર ભૂવા પડવા મામલે ગુજરાત હાઈકોમાં સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જોરદાર ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું હતું કે, 'અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસ્તાઓ યોગ્ય રીતે રીપેરીંગની કામગીરી કરવામાં આવી છે તેવા દાવાઓ કરવામાં આવે છે. તેમ છતાં શહેરના રસ્તાઓ ઉપર અવારનવાર કેમ મસમોટા ભૂવાઓ પડે છે? અમદાવાદ કોર્પોરેશનના એન્જિનિયરો શું કરી રહ્યા છે? આ બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ બનાવવાની તેમજ કોઈ કામગીરી માટે રોડ ખોલવાની અને રોડ બંધ કરવાની શું પોલીસી છે તે રજૂ કરવી જસ્ટિસ અલ્પેશ વાય કોગજે અને જસ્ટિસ સમીર જે દવેની ખંડપીઠે અમ્યુકોને નિર્દેશ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કોર્પોરેશન દ્વારા કામગીરી બાબતે દાવાઓ કરવામાં આવે છે પણ તેમ છતાં અવારનવાર રસ્તાઓ ઉપર કેમ ભૂવા પડે છે એ બાબતનો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. કોર્પોરેશન દ્વારા એન્જિનિયરની ભરતી કરવામાં આવે છે, પરંતુ રોડ રસ્તાની કામગીરી થર્ડ પાર્ટીના ભરોસે હોય છે. તો શું માત્ર એન્જિનિયરો થર્ડ પાર્ટી એક્સપર્ટના સહારે જ કામ કરે છે? આ બાબતનો જવાબ આપો.' જો કે, આ કેસની વધુ સુનાવણી હવે આગામી ૨૫મી જુલાઈએ થશે.

ગાંધીનગર ખાતે સેમીકનેક્ટ કોન્ફરન્સ યોજાઈ

## ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના ભાગરૂપે કોન્ફરન્સનું કરાયેલું આયોજન





। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગાંધીનગર ખાતે સેમીકનેક્ટ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના ભાગરૂપે આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. મેન્યું ફેકચરિંગ માટે નવી ટેકનોલોજી આધારિત કોન્ફરન્સનો વિદેશની ઈન્ડસ્ટ્રીને લોકલ ઈન્ડસ્ટ્રી સાથે જોડાવાનો આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૧ દિવસીય સેમીકનેક્ટ કોન્ફરન્સનો પ્રારંભ કરવામાં આવ્યું હતુ. સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી માટે કોન્ફરન્સનું આયોજન યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કોન્ફરન્સ યોજાઈ. જેમાં સેમીકનેક્ટ કોન્ફરન્સમાં આજે કુલ ૮ ટેકનિકલ સેશન રાખવામાં આવ્યા છે. ઈન્ડીયા સેમિકન્ડક્ટર મિશન આ કોન્ફરન્સના મુખ્ય પાર્ટનર છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના ભાગરૂપે આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. મેન્યું ફેકચરિંગ માટે નવી ટેકનોલોજી આધારિત કોન્ફરન્સનો વિદેશની ઈન્ડસ્ટ્રીને લોકલ ઈન્ડસ્ટ્રી સાથે જોડાવાનો આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ છે. કેમિકલ, ગેસ, ગોલ્ડ, ડિફેન્સ, ઈલેક્ટ્રિક વ્હિકલ વગેરે ઈન્ડસ્ટ્રીમાં સેમિકન્ડક્ટર ડીવાઈસનો ઉપયોગ થાય છે ટાટા પાવર અને સીજી પાવર સહિત કંપનીના સહયોગથી કોન્ફરન્સનું આયોજન કરાયુ હતુ.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨